મે, જૂન ૨૦૨૬

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત

ब्राह्मणोऽस्य मुखमासित्

રજી. નં. A/3352, અમદાવાદ


## BEST WISHES

FROM

**Foresights**
Architect | Interior Designer | Green building consultant | Technical consultant

**Mr. Hardeep M. Pathak**
+91 98243 91475 | fics.arch@gmail.com
**Mr. Het Hardeep Pathak**
+91 94294 19089 | fics.het@gmail.com

**Relief Fire & Safety Services**
Fire Fighting Equipment Trading, Maintenance & Installation | Fire & Safety Consultant | Fire Certification & Audit | Govt. Certified Fire & industrial safety Training Centre

**Mrs. Nidhi Hitesh Pathak**
+91 97243 42476 | relief.fire@gmail.com

**Genuine Car Cares**
**BOSCH Authorised Multibrand Car Workshop**
German Standard Certified - Fully Equipped Car Workshop

**Mr. Het Hardeep Pathak**
+91 9426 426000 | genuinecarcares@gmail.com

**Adverzo Digital Marketing**
Digital Marketing | Social Media Marketing | PR Agency

**Miss. Heer Hardeep Pathak**
+91 98242 91475 | heerpathak30@gmail.com

# K. J. INSTITUTE OF ENGINEERING & TECHNOLOGY SAVLI (VADODARA)

## KJIT સાથે તમારા ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ તમારા હાથમાં!

### ધોરણ: 10 (SSC) અને 12 (HSC) પછીના ઉચ્ચ અભ્યાસ માટેનો શ્રેષ્ઠ વિકલ્પ: KJIT - SAVLI

| | |
|---|---|
| **DIPLOMA ENGG.** | **B.E. (Degree Engg.)** |
| **C2D (Certificate to Diploma)**<br>I.T.I. કરેલ વ્યક્તિ: માત્ર બે વર્ષમાં ડીપ્લોમા એન્જીનીયર | **D2D (Diploma to Degree)**<br>Diploma કરેલ વ્યક્તિ: માત્ર ત્રણ વર્ષમાં B.E. એન્જીનીયર |

- COMPUTER
- IT
- MECHANICAL
- ELECTRICAL
- AUTOMOBILE
- CIVIL



**8 લાખ થી ઓછી આવકવાળા વિદ્યાર્થીઓને**
**100% Scholarship (No Fees)**

**સફળતાપૂર્વક અભ્યાસ પછી**
**100% Guaranteed Placement**
**અથવા પૂરી ફી પાછી**

- NSDC-certified course in AI-ML, Drone technology, CNC Machine as an addon curriculum.
- Working professionals પણ જોડાઈ શકે છે
- Bus - Hostel સુવિધા ઉપલબ્ધ

- Approved by AICTE - Affiliated to GUJARAT TECHNOLOGICAL UNIVERSITY (GTU)

K.J. Campus, Opp. ITI, Savli, Dist. Vadodara. 8980314 190
www.kjit.org info@kjit.org (02667) 222264

# કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ - સાવલી

**NABH માન્ય**



## આપણી સંસ્કૃતિના મૂળમાં રહેલા આયુર્વેદિક ઉપચારો દ્વારા સંપૂર્ણ સ્વાસ્થ્યને પામીએ!

**Ayurvedic Care for a Harmonious Life.**

હવે દરેક સ્વાસ્થ્ય સમસ્યાનો આયુર્વેદિક ઉપચાર કાશીબા આયુર્વેદિક હોસ્પિટલમાં.

- વૈજ્ઞાનિક રીતે માન્ય અને પરંપરાગત આયુર્વેદિક ઉપચારો
- નિષ્ણાંત વૈધ-તબીબો દ્વારા વ્યક્તિગત સારવાર
- શરીર, મન અને આત્માનું સંપૂર્ણ આરોગ્ય

પંચકર્મ | હર્બલ થેરાપી | પૌષ્ટિક ડાયેટ

## આયુર્વેદ સાથે સ્વાસ્થ્યની નવી ઊંચાઈઓ પર પહોંચો!



**ધર્મેશ ભાનુપ્રસાદ પંડ્યા**

(મેનેજીંગ ટ્રસ્ટી)

KJIT કેમ્પસ, ITI-નવી કોર્ટ સામે, સાવલી, જી.વડોદરા

વધુ માહિતી માટે સંપર્ક: 02667-290541, 757 304 1994

www.kjiar.edu.in/kashiba

श्री महालक्ष्म्यै नमः	उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत	महालक्ष्मी प्रसन्नाऽस्तु

"જાગો, ઊઠો, વિરમો નહિ, સાધો આશય ના જ્યાં સુધી"

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.** રજી. નં. A/3352, Ahmedabad

# શ્રીગૌડ જાગૃતિ

## મુખપત્ર

પ્રકાશક અને પ્રમુખ : શ્રી ધ્રુવકુમાર જોશી, સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

**મે-જૂન ૨૦૨૬** | www.sssgujarat.org

**પ્રમુખ**

**શ્રી ધ્રુવકુમાર જોશી**

**મો. 99099 49460**

**મંત્રી**

**શ્રી યોગેશ શુક્લ**

**મો. 98240 58799**

**ખજાનચી**

**શ્રી વિનીત દવે**

**મો. 97250 97807**

**તંત્રી**

**શ્રી રાજેશ પંડ્યા 'રાજ'**

**મો. 94286 04119**

**તંત્રી મંડળ**

**શ્રી રાજેશભાઈ પંડ્યા**

**શ્રી વિપુલભાઈ વી. દવે**

**શ્રી દિગિશ દવે**

### અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. | જાહેરાત - કે.જે.આઈ.ટી. | | ૦૨ |
| ૨. | જાહેરાત - કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ, સાવલી | | ૦૩ |
| ૩. | તંત્રી લેખ | રાજેશ પંડ્યા-રાજ | ૦૬ |
| ૪. | એન.આર.આઈ. મિત્રો જોગ સંદેશ | | ૦૭ |
| ૫. | પ્રમુખની કલમેથી | ધ્રુવ જોષી | ૦૯ |
| ૬. | જાહેરાત - શિવમ પાર્ટી પ્લોટ | | ૧૦ |
| ૭. | જાહેરાત - શ્રી વિદ્યામંદિર વિદ્યાલય | | ૧૦ |
| ૮. | પૌરાણિક વાસણીયા મહાદેવ | તંત્રીશ્રી | ૧૧ |
| ૯. | હરસિદ્ધિ માતા મંદિર, લાડોલ | તંત્રીશ્રી | ૧૨ |
| ૧૦. | દત્ત મંદિર, સરખેજ, અમદાવાદ | તંત્રીશ્રી | ૧૩ |
| ૧૧. | કણજીયા ધરો - ખેડા | હરેશભાઈ પંડ્યા | ૧૪ |
| ૧૨. | જાહેરાત - સદાશિવ આયુર્વેદિક ક્લિનીક | | ૧૬ |
| ૧૩. | જાહેરાત - વરદાન ક્લીનીક | | ૧૭ |
| ૧૪. | સિદ્ધિ સોપાન | | ૧૮ |
| ૧૫. | જાહેરાત - વિધાતા મેરેજ બ્યુરો | | ૨૫ |
| ૧૬. | સમાચાર સંચય | | ૨૬ |
| ૧૭. | ખુશીનું વૈદું | | ૨૮ |
| ૧૮. | કેરમ અને ચેસની ટુર્નામેન્ટ | તંત્રીશ્રી | ૨૯ |
| ૧૯. | કસક - પુસ્તકન વિમોચન | તંત્રીશ્રી | ૩૩ |
| ૨૦. | શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા | | ૩૪ |
| ૨૧. | શ્રીગૌડ સાડત્રીસ સમાજ | | ૩૫ |
| ૨૨. | વાર્તા - લેણીદેણી | રાજેશ પંડ્યા | ૩૭ |
| ૨૩. | માતાપિતાને વંદન | પારૂલબેન દવે | ૩૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | ઉપનિષદના ચાર ચોંકાવનારા રહસ્યો | કુસુમ ત્રિવેદી | ૩૯ |
| ૨૩. | જાહેરાત - ટ્રોપીકલ સોલાર એનર્જી | | ૪૦ |
| ૨૪ | જાહેરાત - એમરાલ્ડ ડેવલોપર્સ | | ૪૧ |
| ૨૫. | જયા પાર્વતી વ્રત | ભવ્યા ડી. શુક્લા | ૪૨ |
| ૨૬. | તું મળી | દક્ષેશ જોષી | ૪૧ |
| ૨૭. | વર્ષાગમન | માલાબેન પાઠક | ૪૩ |
| ૨૮. | મેહુલિયો | માલિની જોષી પાઠક | ૪૩ |
| ૨૯. | એકલતા | રંજનબેન પંડ્યા | ૪૪ |
| ૩૦. | લાલીમા | અરુણા પંડ્યા | ૪૪ |
| ૩૧. | લાક્ષા ગૃહ | ડૉ. બિરેન પાઠક | ૪૫ |
| ૩૨. | પ્રકૃતિ | પૂર્ણા જોષી | ૪૫ |
| ૩૩. | હું ભૂલ્યો શાશ્વત સંસ્કૃતિને | | ૪૬ |
| ૩૪. | જાહેરાત - જોષી ચશ્માવાલા | | ૪૭ |
| ૩૫. | જાહેરાત - ઉડાન સ્કૂલ | | ૪૮ |
| ૩૬. | મનનો અરીસો | તન્વી શુક્લ | ૪૯ |
| ૩૭. | અવધૂત | દીપક શુક્લ | ૫૦ |
| ૩૮. | સંબંધ | અમીતા પંડ્યા | ૫૦ |
| ૩૯. | સાયબર ફ્રોડથી બચવા માટેની સમજૂતી | સમીર પંડ્યા | ૫૧ |
| ૬ | જાહેરાત - ડોનાલ્ડ કીડ | | ૫૨ |
| ૭ | જાહેરાત - મલ્હાર સ્પોર્ટ્સ એકેડેમી | | ૫૨ |
| ૪૩. | અન્નયસહાય કીટના નવા સહયોગી | | ૫૩ |
| ૪૪. | જાહેરાત - શ્રદ્ધાંજલિ - સ્વ. જયશ્રીબેન તરૂણકુમાર શુક્લ | | ૫૪ |
| ૪૫. | અવસાન નોંધ | | ૫૫ |
| ૪૬. | શ્રીગૌડ જાગૃતિ દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ | | ૫૬ |
| ૪૭. | સમસ્ત શ્રીગૌડ જીવનસાથી વોટ્સએપ ગ્રુપ | | ૫૭ |
| ૪૮. | સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો | | ૫૮ |
| ૪૯. | માહિતી સમાચાર શ્રૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ | | ૫૯ |


• • •

# તંત્રી લેખ



શ્રી બંધુ મિત્રો, કુશળ હશો. આપની કુશળતા ઈચ્છું છું.

મારા બુધ્ધિશાળી મિત્રો, ઉપરોક્ત બંને વાક્યો મેં દિલથી તમને કહ્યાં છે પણ સહેજ વિચારો કે ૯૦ ના દશક સુધી લખાતાં પોસ્ટકાર્ડ- અંતર્દેશી-કવરમાં રાખડી સાથે લખાણ..જેવી છાંટ તમને નથી દેખાતી? હા, ચોક્કસ દેખાશે. કારણ એ સમયે માનવીય વિચારોમાં એકબીજા માટે અંતરમનમાં નર્યો પ્રેમ છલકાતો.

મિત્રો, વિચારોથી આપણે બધાં એ યૂગમાં ફરી ન જઈ શકાય.? તમે વ્હાલનો દરિયો, અમે તરસ્યાં વ્હાલીડાં..પણ.. વહેલાં.

આ અંક સાથે શ્રીગૌડ જાગૃતિના મનગમતી રંગીન આવૃત્તિ સાથેના અંકના બે વરસો પૂરાં થશે અને ત્રીજા વરસમાં આપના મનગમતા અંકનો પ્રવેશ થશે. તંત્રી તરીકે મારા પણ બે વરસ પૂરાં થશે. બે વરસનું સામાજિક સરવૈયું ઘણું પ્રગતિશીલ મને જણાય છે. તમને પણ આ અનુભવ લાગશે. એ માટે માં મહાલક્ષ્મીની કૃપા ગણશો.

આ અંકમાં તમને મનગમતાં ધાર્મિક લેખો, શ્રી બંધુ સંલગ્ન સિધ્ધિ સોપાનો, સમાચાર સંચય, ચુનંદા સર્જકોની કૃતિઓ, અન્ય કાર્યક્રમો સાથે ઉપયોગી માહિતીઓ A to Z જરાય કચાશ વગર તમારી સામે પીરસ્યું હોય એવું લાગશે. તમારે એને ખૂલ્લાં દિલથી આરોગવાનું માત્ર છે.

થોડી મનની વાત કરું. વર્તમાન સમયમાં એક નોંધ લેશો. નવા નિમાયેલા કારોબારી શ્રી સભ્યો, ટ્રસ્ટી મંડળ, પ્રમુખ સહિત નિમાયેલા સદસ્યો શ્રીગૌડ સેવા કરવા માટે તત્પર રહેલાં તમને ચોક્કસ દેખાશે.આ બધાં માં અમૂક શ્રી સભ્યો તો કોઈપણ જશ મળવાની આશા વગર વરસોથી સતત કામ કરી રહેલાં દેખાશે. એમની મહેનતને આપણે દિલથી વધાવવી પડે.

મિત્રો, હું સામાજિક ઋણ ને એક જવાબદારી સમજું છું એટલે ગુજરાતી સાહિત્ય સાથે જોડાયેલી અનેક સંસ્થાઓ જોડે સંલગ્ન રહેલો અને વ્યક્તિગત અનેક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવા છતાંપણ આ બે વરસ ઉચ્ચ ગુણવત્તા સભર રંગીન શ્રીગૌડ જાગૃતિ માટે દિલથી ફરજ મેં અદા કરી છે.

મિત્રો, હું તો ઝંડો ઝોળી લઈને **જય ભગવાન** કરીને તમારા ઘેર સહયોગ માટે ઊભો રહી શકું પણ તમારી આમાં કોઈ નૈતિક ફરજ ન બને.? અહીં સ્વચ્છ વહીવટ થાય છે. તમે અન્ય સમાજોની જેમ કંઈ નહીં તો આ શ્રીગૌડ જાગૃતિ મુખપત્ર છે એમાં સ્વૈચ્છિક લવાજમ સમજી ૫૦૦/૧૦૦૦ રૂપિયા સમાજના QR code થકી કે અન્ય રીતે લખાવો તો મનમાં કેટલું શુકુન મળે.

કોઈ એક જાગૃતિ અંકના સ્પોન્સર બનો.સામે તમને ૧૦ પેજ એ અંકના ફ્રી મળે છે. ૧૦,૦૦૦/- રૂપિયા કઈ મોટી રકમ? આપણા લાખોના હોસ્પિટલ બીલ સામે તો આ રકમ કંઈ ન કહેવાય.

અન્નસહાય કીટ માં તમારા ઘેર સારાં નરસાં પ્રસંગે એક કુટુંબ ઋણ સમજી કંઈ સહયોગ આપો અંદરથી કેટલો સારો ભાવ જાગે. એકવાર અમારી કોઈપણ સામાજિક વાહવાહી વગરની અન્નસહાય કીટ વિતરણ કરતી ટીમ જોડે, જે જરૂરિયાતમંદ શ્રી પરિવારો માટે વાસ્તવિક કામ કરી રહી છે એ જોવા જરૂર આવશો. તમને સાચો વિચાર તરત આવશે.

એટલું તો યાદ રાખવું પડે કે સૌનો સાથ સૌનો વિકાસ અને વિના સહકાર નહિ ઉધ્ધાર સૂત્રો કદી ખોટાં પડયાં નથી.

રંગીન જાગૃતિનો બહોળો ફેલાવો અને દેશ-વિદેશોમાં ફેલાતી જતી એની પ્રતિષ્ઠા કારણે તમે તમારા ધંધાને લગતી જાહેરાતો કાયમી આપી શકો એ માટે અહીં એક ફૂલપેજના ૮૦૦ રૂપિયા જ ભાવ છે. શ્રી પરિવારો માટે સંપૂર્ણ સેવાના હેતુથી અને દિલથી રંગીન જાગૃતિનો અંક બને છે એમાં કોઈ કમાવવાનો હેતુ ન હોય...

મિત્રો, આપણે ભાગ્યશાળી છીએ એમ માનો. સુપર અલનીનોની જે સામાજિક અસરો ૧૫૦ વરસ પહેલાં થઈ હતી એવી કોઈ ગંભીર અસર આટલી અત્યંત ગરમી પડી પણ થઈ નથી.

હંમેશા મારી જેમ હસતાં રહેશો. અન્યને હસાવશો. પરોપકારના દરેક કાર્યમાં સ્વૈચ્છિક રીતે જોડાશો.. એવી દિલની વાત સાથે અલ્પવિરામ લઉં છું.ફરી આવતા અંકે એક નવાં નજરાણાં સાથે ફરી મળીશું. . .

**આપના ઘરનો સભ્ય રાજેશ પંડ્યા - રાજ ની યાદ.**

**- તંત્રી શ્રી, રાજેશ પંડ્યા 'રાજ'**

# NRI મિત્રો જોગ સંદેશ

NRI મિત્રો ,

તમારા સુધી નિયમિત જાગૃતિ પહોંચે એવી અમે સતત વ્યવસ્થા કરી રહ્યાં છીએ. તમારા india સ્થિત સ્વજનો તમને જાગૃતિ અંક મોકલતા હશે.

મિત્રો, સમાજ રોજ કંઈક સારી અલગ પ્રવૃત્તિઓ માટે વિચાર કરી રહ્યો છે આ સંજોગોમાં તમે આર્થિક પીઠબળ બનો તો અહીં ઘણી અનુકૂળતા થઈ જાય એવું ગણાય.

જાગૃતિના સ્પોન્સર બનો, અન્નસહાય કીટમાં, શિક્ષણ ફંડમાં મોટું યોગદાન આપો. બીજી activities જે થાય એમાં રોકડ ઈનામ પૂરસ્કાર માં સંપૂર્ણ આર્થિક સહયોગ આપો.

આવી પ્રવૃત્તિઓ થી સોનામાં સુગંધ જ ભળી કહેવાય.આ બાબત ચોક્કસ ધ્યાન માં રાખશો. જય મહાલક્ષ્મી

આપનો

રાજેશ પંડ્યા 'રાજ'

આપને ત્યાં સારા-નરસા પ્રસંગે જાગૃતિને દાન આપો અને અપાવો. વિગતો નીચે મુજબ છે.

**ખાસ નોંધ : બેંકની વિગત નોંધી લેશો.**

એકાઉન્ટ નામ : સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત.

એકાઉન્ટ નંબર : ૩૦૧૨૧૮૩૯૦૯૨

બેંક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બ્રાંચ : પ્રગતિનગર (૦૮૦૫૩)

**IFS Code : SBIN0008053**

E-mail - shreegaudjagruti2019@gmail.com

Website - https://samastshreegaudsamajgujarat.org

Facebook- https://www.facebook.com/samastshreegaudsamaj/

**Contact No. : 8799163969 (Jayant Joshi)**

# સૌનું પોતીકું નજરાણું શ્રીગૌડ જાગૃતિ

શ્રી બંધુ મિત્રો,

શ્રીગૌડ જાગૃતિમાં દર બે માસે નિયમિત બહાર પડતાં લોકપ્રિય રંગીન અંક માટે જાહેરાતો આપવાની વિગતો આપેલી છે.

| | | |
|---|---|---|
| પેજ સાઈઝ | આખું પેજ 140/210 mm | અડધું પેજ 140/105 mm |
| પેજના ભાવ (રૂ) | 800 | 500 |
| પ્રથમ, બીજું અને છેલ્લું પેજ | 1000 | |

Bank Details: Account name : Samast Shreegaud Samaj, Gujarat
Bank : SBI
Branch : Pragatinagar
Account number : 30121839092
IFS Code : SBIN0008053

---

મિત્રો,

તમારા ધંધાની, વ્યક્તિ વિશેષ તરીકે પોતાની, અવસાન નોંધ, વ્વવસાયની, માતાજીના તીર્થધામના આખા પેજના ફોટા સાથેની, કોઈ બહારના ઓળખીતા સંપર્કની...કોઈપણ રીતે જાહેરાત આપી શકો છો. જાહેરાત બની શકે એટલી વહેલી પહોંચાડવાની રહેશે તો મને ગોઠવતા ફાવે.

દરેકનું માનીતું નજરાણું હોવાથી અંકની લોકપ્રિયતા વધતી જ જાય છે. અન્ય સમાજ પણ મારી પાસે પ્રમાણ તરીકે અંક મંગાવ્યો હતો.

તમારું કામ આપણા નજરાણાં અંકને જાહેરાતો થી ભરી દેવાનું, મારું કામ દરેક શબ્દોમાં કાયમ માટે વિવિધતા ભરી દેવાનું. તમે તમારું કામ સંભાળો, જાહેરાતો આપી મને પ્રોત્સાહિત કરો, હું મારું કામ કરું.. સમાજના માટે અંદરથી રસ ધરાવતા શ્રીબંધુઓનો સમાજ રસ વધતો જાય એવો અંક બનાવવા મહેનત કરૂ છું. અહીં સમાનતા ના ધોરણે જ કામ થાય છે. સપ્ટેમ્બર અંકમાં જાહેરાત માટે નોંધણી કરાવી ઝડપથી જાહેરાત મોકલી આપશો

- તંત્રી, શ્રીગૌડ જાગૃતિ
રાજેશ પંડ્યા "રાજ" (9428604119)




**સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતને અનુદાન આપવા માટે આ QR કોડનો ઉપયોગ કરી શકો છો.**

# પ્રમુખની કલમેથી...



**संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ॥ -ઋગ્વેદ**

**"ચાલો, આપણે સૌ સાથે ચાલીએ, સાથે વિચારીએ અને એક મનથી સમાજના કલ્યાણ માટે કાર્ય કરીએ."**

વૃક્ષની ભવ્યતા તેની વિશાળ શાખાઓ, હરિયાળા પર્ણો કે સુગંધિત પુષ્પોમાં દેખાય છે, પરંતુ તેનું જીવન તેના મૂળમાં વસેલું હોય છે. મૂલ દૃઢ હોય, થડ સશક્ત હોય તો શાખાઓ સ્વયં વિસ્તરે છે અને વૃક્ષ પેઢીઓ સુધી શીતળ છાંયો આપે છે. આ જ જીવનદર્શન આપણા શ્રીગૌડ સમાજને પણ એટલું જ સુંદર રીતે લાગુ પડે છે. સમગ્ર એટલે સમસ્ત અને સમસ્ત એટલે તમામ મૂળ, થડ, શાખા, પ્રશાખા, પર્ણ, પુષ્પ અને ફળ - આ બધું મળીને જ એક વૃક્ષનું અસ્તિત્વ પૂર્ણ કરે છે. કોઈ એક અંગનું મહત્ત્વ ઓછું નથી, દરેક એકબીજાના અસ્તિત્વને સમૃદ્ધ બનાવે છે.

**સમયના પ્રવાહ, ભૌગોલિક પરિવર્તનો અને જીવનની વિવિધ પરિસ્થિતિઓના કારણે આપણે અનેક શાખાઓ પ્રશાખાઓમાં વિસ્તર્યા છીએ, છતાં આપણાં મૂળ એક જ છે. આપણી સંસ્કૃતિ એક જ છે અને આપણી ઓળખ એક જ છે - શ્રીગોડ.** સ્વાભાવિક છે કે આપણે પોતાના સમાજ, સંસ્થા અને વિવિધ પ્રવૃત્તિઓ સાતે આત્મિય રીતે જોડાયેલા રહીએ. પરંતુ એ સાથે આપણાં મૂળ સાથેનો સંબંધ પણ એટલો જ જીવંત રહે - કારણ કે મૂળને સિંચવામાં આવે ત્યારે જ સમગ્ર વૃક્ષ હરિયાળું બને છે. મૂળને ભૂલનાર સમાજ પોતાની ઓળખ ધીમે ધીમે ગુમાવી દે છે. જ્યારે મૂળ સાથે જોડાયેલો સમજા સમયના દરેક પડકાર સામે અડીખમ રહે છે.

પ્રસન્નતાની વાત છે કે આજે આપણા સમાજમાં એકતા, સંગઠન અને સહભાગિતાનો ભાવ સતત મજબૂત બની રહ્યો છે. નવી પેઢી સમાજજીવન સાથે જોડાઈ રહી છે. વિવિધ પ્રવૃત્તિઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ રહી છે અને એકત્વના પવિત્ર મંત્રને જીવનમાં ઊતારી રહી છે. આ માત્ર આજની સિદ્ધિ નથી, આવતીકાલના ઉજ્જવળ સમાજનો મજબૂત પાયો છે.

સમાજની સાચી શક્તિ ત્યારે પ્રગટે છે જ્યારે વડીલોનો અનુભવ, આશીર્વાદ, સંસ્કાર અને માર્ગદર્શન યુવાશક્ત્રિની ઉર્જા, પ્રતિભા અને નવીન વિચારધારા સાથે જોડાય છે. અનુભવ અને ઉત્સાહનો આ સમન્વય જ સમાજને સતત પ્રગતિના માર્ગે આગળ ધપાવે છે. આપણે સૌ એક જ વિરાટ વૃક્ષના અભિન્ન અંગ છીએ, કોઈ મૂળ છે, કોઈ થડ છે, કોઈ શાખા છે, કોઈ પર્ણ છે અને કોઈ સુગંધિત પુષ્પ કે મીઠાં ફળ સમાન છે. સૌનું સ્થાન સમાન રીતે ગૌરવપૂર્ણ છે. એક બીજાની પ્રગતિમાં આનંદ અનુભવવો, એકબીજના સુખ-દુઃખમાં સહભાગી બનવું અને સમગ્ર સમાજના હિતને સર્વોપરી સ્થાન આપવું - એજ આપણા સંગઠનની સાચી ઓળખ છે.

આવો, આપણે સૌ મળીને એવો સંકલ્પ કરીએ કે આપણા મૂળને ક્યારેય વિસરશું નહીં, સંસ્કારોની પરંપરાને અવિરત જાળવી રાખીશું. સંગઠનની શક્તિને વધુ દૃઢ બનાવીશું અને સેવા, સમરસતા અને એકતાના બળે શ્રીગોજ સમાજને નવી ઊંચાઈઓ સુધી લઈ જઈશું.

મૂળ મજબૂત હશે તો થડ અડીખમ રહેશે, થડ અડીખમ રહેશે તો શાખાઓ વિકસશે અને શાખાઓ વિકસશે તો સમગ્ર વૃક્ષ વિશ્વમાં ગૌરવું પ્રતિક બની રહેશે.

આ જ ભાવના સાથે, ચાલો આપણે સૌ મળીને આપણા સમાજના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરીએ.

અસ્તુ !

-ધ્રુવ, જોશી, પ્રમુખ

ISO 9001 : 2015 CERTIFIED

# Donald Kids

Nursery, Junior KG, Senior KG

(English, ગુજરાતી Medium)





**Managing Committee**

- Mrs. Smita Joshi
- Mrs. Bhagyashree Joshi

Opp. Yash Complex, Nr. Pushpam Society,
Opp. Shivam Party Plot, Gotri, Vadodara.

# MALHAAR
SPORTS ACADEMY

**CRICKET** **TENNIS**

**FOOTBALL** **BADMINTON**

- *Coaching*
- *Box Cricket*
- *Corporate Booking*
- *Tournaments*

**PROPRIETOR : BHAUMIK JOSHI**

C/o. Shivam Party Plot
Opp. Shree Vidhyamandir Vidhyalaya, Gotri, Vadodara

# પૌરાણિક વાસણીયા મહાદેવ (વૈજનાથ મહાદેવ) અને
# ૫૧ ફૂટ ઊંચી હનુમાનજી મૂર્તિ

મિત્રો, ગાંધીનગરથી માત્ર ૧૫ કિલોમીટર અંતરે વાસણ ગામે આવેલું પૌરાણિક વૈજનાથ મહાદેવ એક પ્રસિદ્ધ યાત્રાધામ છે. મંદિરની બિલકુલ સામે ૫૧ ફૂટ ઊંચી હનુમાનજીની મૂર્તિ હનુમાનજી મહારાજનું જાણે વાસ્તવિક રૂપ બતાવતી હોય એવી ઊભેલી દેખાય છે.

આ પવિત્ર શિવમંદિર વિશે વાત કરીએ. આશરે બસો વરસ પહેલાં રાંધેજા ગામના ભવદાસ પટેલ ખૂબજ ધર્મનિષ્ઠ અને સેવા પરાયણ વ્યક્તિ હતાં. એમની ગાયો છેક આ વાસણ ગામ સુધી ચરવા આવતી. એક ગાય એવી હતી કે એ ઘેર દૂધ આપે જ નહીં. ભવદાસ દાદા એકવાર એની પાછળ પાછળ ગયાં તો મંદિર સ્થળે ગાય દૂધનો અભિષેક કરી દેતી એમણે જોઈ આશ્ચર્ય વશ ભવદાસ દાદા ના મોં માં ઉદગાર સરી પડ્યા એ જોઈ ગાય દોડી જવા લાગી પણ ગાયની પગની ખરી ત્યાં પડી ગઈ, એ નિશાન આજે પણ જોવા મળે છે. એ દિવસથી અહીં આ સાક્ષાત જ્યોતિર્લિંગ જેવું મંદિર બનવાની શરૂઆત થઈ. ભવદાસ દાદા એમની ગાદી નીચેથી રૂપિયા આપ આપ કરે પણ એ ક્યાંથી આવતા હતાં.. (વડોદરા સાવલી ભવનાથ મંદિર ના સ્વામીજી જેમ) એ કોઈ જાણતું નહોતું. ભાવનાથ દાદા ને શિવજી પ્રસન્ન હતાં. આ ભવ્ય મંદિરનું નિર્માણ પૂરું થયું.

શિવરાત્રિએ લઘુરુદ્ર સાથે મોટો મેળો અહીં ભરાય છે. દેશ વિદેશથી શ્રધ્ધાળુઓ દર્શનાર્થે અહીં આવે છે.શ્રાવણમાસમાં લઘુરુદ્ર અને અન્ય પૂજા અર્ચના કરાય છે.

મંદિરમાં ૧૧૧ સ્તંભ છે. ૧૨ જ્યોતિર્લિંગો છે. ગાયની ખરીની પૂજા એ આ મંદિરનું વિશેષ મહત્વ છે. જમવા રહેવાની વિશાળ વ્યવસ્થા અને આ જ ગામના શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ નો સહકાર થકી આ મંદિરમાં કોઈ બાબતની કમી અનુભવાતી નથી.

મંદિરની બિલકુલ સામે ૫૧ ફૂટ ઊંચી લાલજી મહારાજે સ્થાપેલી હનુમાનજીની ચમત્કારીક મૂર્તિ એ આ જગ્યાને વધુ ઉત્કંઠા પ્રેરક બનાવે છે. મંદિરના ગર્ભગૃહમાં મૂર્તિઓ છે અને આબેહૂબ ૫૧ ફૂટ ઊંચી મૂર્તિ એનું તેજ બતાવે છે.

શ્રાવણમાસમાં જો કોઈ વાર અહીંથી પસાર થવાનું થાય તો આ મંદિરોની અચૂક મુલાકાત લેશો.

- તંત્રી શ્રી





# હરસિધ્ધિ માતા મંદિર, લાડોલ, વિજાપુર

મિત્રો, ગુજરાતમાં મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ ગામે સુપ્રસિદ્ધ હરસિધ્ધિ માતાનું મંદિર આવેલું છે. આ મંદિરની સ્થાપના સિધ્ધરાજ જયસિંહે આશરે ૧૨૦૦ વરસ પહેલાં કરી હતી. એ પછી એના વંશજોએ આગળ બાંધકામ કરાવ્યું હતું.

માં હરસિધ્ધિને શિવ-શક્તિ નું ભેગું સ્વરૂપ ગણવામાં આવે છે. માં હરસિધ્ધિને રાજા વિક્રમાદિત્યે પણ પ્રસન્ન કર્યા હતાં, માં હરસિધ્ધિને તંત્ર મંત્ર ની દેવી પણ કહેવાય છે અને સાથે અનેક સિધ્ધિઓ આપનારી ગણાય છે.ઉજ્જૈનમાં હજુ પણ એ પૌરાણિક મંદિર અકબંધ છે. એ જ રીતે આ મંદિર નો ઇતિહાસ પણ આવી સાક્ષીનો પુરાવો જ ગણાય છે. પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહ માં હરસિધ્ધિને ટેક સાથે ઉજ્જૈનથી ગુજરાત લાવી અને અહીં લાડોલ મૂકામે સ્થાપના કરી હતી.

આ મંદિર સંતાન પ્રાપ્તિની બાધા માટે ઉત્તર ગુજરાત વિસ્તારમાં પ્રખ્યાત ગણાય છે. સંતાન ઝંખતા દંપતીઓ અહીં નવરાત્રીમાં દશેરાના દિવસે ચાંદી-તાંબા-માટીના ગરબા માતાજીને અર્પણ કરે છે.

નવરાત્રી દરમિયાન અહીં ખૂબ મોટો મહોત્સવ થાય છે. માતાજીના પાટોત્સવ સમયે અનેક શ્રધ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. મંદિરમાં સુંદર વ્યવસ્થા ભોજન અને રહેવાની કરવામાં આવી છે.

ચમત્કાર શબ્દ ન વાપરતાં હાજરા હજૂર માં હરસિધ્ધિ અહીં ભક્તોના કોડ પૂરાં કરે છે એમ માનીને તહેવારના દિવસોમાં આ મંદિરની મુલાકાત લેશો.

અમદાવાદથી ૭૫ અને મહેસાણાથી ૩૫ કીમી અંતરે લાડોલ ગામે આ મંદિર આવેલું છે. લાડોલ ગામ વધુ હરસિધ્ધિ માતા મંદિર થી પ્રખ્યાત છે.

- તંત્રી શ્રી




# દત્ત મંદિર, પુજ્ય રંગ અવધૂત મહારાજ, સરખેજ, અમદાવાદ.

મિત્રો, આજે આપણે સંપૂર્ણ મન શાંતિ અર્પે એવી રંગ અવધૂત મહારાજની માનીતી જગ્યા માંથી એક એવી દત્ત મંદિર, સરખેજ ની વાત કરીશું. અમદાવાદમાં સરખેજ ગામની અંદર ખરવાડ વિસ્તારમાં આ મંદિર આવેલું છે.

આ મંદિરનું માહાત્મ્ય જણાવું તો ઘણો લાંબો સમય રંગ અવધૂત મહારાજે અહીં એમનાં પવિત્ર ભ્રમણ સમયે વીતાવ્યો હતો. એમના સુંદર જીવંત તરંગોનો અનુભવ મંદિરમાં પગ મૂકતાં જ થાય છે. શ્રધ્ધાળુઓ અહીં ગુરુ ધ્યાન લગાવીને બેસે છે. દર વરસે ગુરુ મહારાજનો પ્રાદુર્ભાવ એટલે જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી મંદિર સ્થળે ઉજવવામાં આવે છે. આ જગ્યા એટલી બધી શાંત અને પવિત્ર છે કે તમે ગુરુ લીલામૃત વાંચતા વાંચતા તો આંખો મિચાવા લાગી હોય એવા અનુભવો થવા લાગે. મંદિરમાં નિયમિત પૂજા-અર્ચના મંદિરના પૂજારીઓ દ્વારા થાય છે. ગુરુવારે દર્શનાર્થે આવનારા ભક્તજનો વધુ હોય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ભક્તો અને મુલાકાતીઓની સુવિધા માટે સરખેજ ગામમાં દત્ત મંદિર સુધીના રસ્તાને ખાસ કોરિડોર તરીકે વિકસાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. પાર્કિંગ થી માંડીને અન્ય સુવિધાઓ સરકાર દ્વારા આપવામાં આવશે.

આ મંદિરમાં સૌથી વધુ આરસપહાણનો ઉપયોગ કે જે લાંબા સમય સુધી ચાલે એ બાબત ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.ભગવાન દત્તાત્રેય અને રંગ અવધૂત મહારાજ લિખિત ધાર્મિક પુસ્તકો અહીં મળી રહે છે. અમદાવાદ શહેરમાં રહેતાં, પ્રસંગોપાત અમદાવાદની મુલાકાત લેતાં અને રંગ અવધૂત પરિવાર સાથે જોડાયેલા સ્વજનો એ આ મંદિરની મુલાકાત લેવી જોઈએ.

- તંત્રી શ્રી





# કણજીયા ધરો - ખેડા

## વાત્રકનદીના રમ્ય કાંઠે બિરાજતા મા ખોડલનું પરમ શક્તિધામ

ગુજરાતની પુણ્યશાળી ધરતી પર આવેલા મા ખોડિયારના ચાર પવિત્ર ધરા ભક્તો માટે ચારધામ સમાન આસ્થાનું કેન્દ્ર છે.

મોરબીનો માટેલ ધરો.

અમરેલીનો ગરધરા ધરો.

ભાવનગરનો  તાંતણીયો ધરો.

અને ખેડાની પાવન ધરા પર આવેલો કણજીયો ધરો.

આ ચારેય સ્થાનો નદીઓના નીરના વહેતાં પ્રવાહ વચ્ચે સ્વયંભૂ પ્રગટ થયેલા મા ખોડિયાર માતાજીનાં ચેતનવંતા શક્તિપીઠો ગણાય છે.

## કુદરતના ખોળે પંચવટીનો નજારો

ખેડા શહેરથી માત્ર બે કિલોમીટરના અંતરે, વાત્રક નદીના સામા કિનારે  આવેલ હરિયાળા ગામની સીમમાં આ પવિત્ર  કણજીયા ધરાનું સ્થાનક આવેલું છે. અહીં પહોંચવાનો માર્ગ ભલે કાચો અને વળાંકવાળો હોય, પણ પ્રકૃતિના અદભૂત દ્રશ્યો થાક ઉતારી દે છે. નદીના કાંઠે આવેલા વિશાળ અને પ્રાચીન વટવૃક્ષોની છાયામાં માતાજીના બે મંદિરો (હરિયાળા અને જેસવાપુરા) શોભી રહ્યા છે.




અહીં પાંચ પ્રાચીન વિશાળ ઘટાદાર વડલા ઓનો સમૂહ આવેલ હોવાથી આ સ્થળ  'પંચવટી' તરીકે પણ ઓળખાય છે. આ વડલાઓની લટકતી અસંખ્ય વડવાઈઓ જોઈને એવું લાગે જાણે કોઈ મહાયોગી પોતાની જટા પ્રસરાવીને યુગોથી મૌન તપસ્યામાં લીન હોય! પક્ષીઓનો કલરવ અને નદીના શીતળ પવનની લહેરો અહીં આધ્યાત્મિક શાંતિનો અનુભવ કરાવે છે.

આ તીર્થધામ સમાન મંદિર સાથે ખેડાના મયુરધ્વજ રાજાની કથા વણાયેલી છે.

લોકવાયકા મુજબ, ખેડાના પ્રતાપી રાજવી મયુરધ્વજ મા ખોડલના પરમ ઉપાસક હતા. માતાજીને કણજીયા ધરાથી પોતાની રાજધાનીમાં લાવવા માટે તેમણે આ ધરા પાસે કઠિન તપ કર્યું. ખોડિયાર માતાજી

તેમની પર પ્રસન્ન થયા અને શરત મૂકી:

હું તારી પાછળ પાછળ તારી રાજધાની ખેડામાં આવીશ પણ મારી શરત છે કે જો તે રસ્તામાં પાછું વળીને જોયું તો હું પાછી વળી જઈશ.

શરત મુજબ રાજા આગળ અને મા ખોડલ પાછળ... એમની સાથે વાત્રક નદીનો દક્ષિણ દિશા તરફ વહેતો પ્રવાહ પણ પૂર્વ દિશા તરફ એટલે કે ખેડા તરફ વહેવા લાગ્યો. પરંતુ, ખેડાના સુપ્રસિદ્ધ હનુમાનજી મંદિર પાસે પહોંચતા જ મયુરધ્વજ રાજાની ધીરજ ખૂટી ગઈ અને તેમણે પાછળ નજર કરી. શરતભંગ થતા જ માતાજી ત્યાં જ રોકાઈ પરત ફરી ગયા અને પુનઃ કણજીયા ધરામાં બિરાજમાન થયા. આજે પણ હનુમાનજી મંદિર પાસે વાત્રક નદી જે પૂર્વાભિમુખ વહે છે, તેને 'મયુરધ્વજનો આરો' કહેવામાં આવે છે, જે આરો ગંગા સમાન પવિત્ર મનાય છે.

## શ્રદ્ધા અને લોકસંસ્કૃતિનો સંગમ

કણજીયા ધરા વિશે એવી માન્યતા છે કે નદીના અફાટ જળરાશિના પેટાળમાં માતાજીનું સુવર્ણ મંદિર આવેલું છે, જેના દર્શન કોઈક ભાગ્યશાળી ભક્તને જ થાય છે. આ કણજીયા ધરામાં મગર હોવાની લોકવાયકા પણ વ્યાપકપણે પ્રચલિત છે.

**ધરો આઠમનો મેળો:**

દર વર્ષે શ્રાવણ વદ આઠમે (ધરો આઠમ) અહીં ભવ્ય લોકમેળો ભરાય છે.

**ગ્રામ્ય સંસ્કૃતિ:**

આ મેળામાં માં ના મંદિરીયે દર્શન સાથે સાથે લોકજીવનના રંગો, પરંપરાગત હાટડીઓ (પાથરણાં બજાર) અને ગ્રામીણ ખાણી-પીણીની મોજ પણ જોવા મળે છે.

**નિસર્ગનો આનંદ:**

આધુનિકતાના આ યુગમાં પણ આ મેળો આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પ્રકૃતિ સાથેના જોડાણને જીવંત રાખે છે.

નદીનો ખળખળ વહેતો પ્રવાહ, ઘેઘૂર વડલાઓની શીતળતા અને મા ખોડલની અસીમ કૃપા... આ બધું જ કણજીયા ધરાને એક અવિસ્મરણીય તીર્થ બનાવે છે.

જો તમારે ગુજરાતની સાચી લોકસંસ્કૃતિ અને કુદરતી સૌંદર્યના દર્શન કરવા હોય, તો ખેડાની ભાગોળે આવેલા હરિયાળા ગામનો આ કણજીયો ધરા પર સ્થિત મા ખોડિયાર ના ધરો આઠમના મેળામાં ફરવાનુ એક આદર્શ સ્થાન છે.

જય મા ખોડલ!

સંકલન - લેખન : હરેશભાઈ પંડ્યા, નડિયાદ.
માહિતી સ્રોત: શ્રી ઘનશ્યામભાઈ રાજપૂત ,ખેડા
(સિનિયર જર્નાલિસ્ટ, ગુજરાત સમાચાર)ના સૌજન્યથી પ્રાપ્ત.

# સદાશિવ આયુર્વેદિક ક્લિનીક

પંચકર્મ, એક્યુપંચર, અગ્નિકર્મ, પેઈન મેનેજમેન્ટ & ગર્ભસંસ્કાર કેન્દ્ર


**વૈદ્ય. નિર્જર શુક્લ.:- 99799 56633, 94296 18855**

B.A.M.S., P.G.DIPLOMA IN PANCHKARMA, P.G.DIPLOMA IN ACUPUNCTURE, CERTIFICATE IN NUTRITION AND CHILDCARE


## ગર્ભ સંસ્કાર

- ગર્ભ સંસ્કાર શું છે?
- ગર્ભ સંસ્કાર શાના માટે છે?
- ગર્ભ સંસ્કાર ક્યારે કરાવું પડે?
- શુ ગર્ભ સંસ્કાર ફક્ત ગર્ભવતી માતા માટે હોય છે?
- ગર્ભ સંસ્કાર મા ઘરના બીજા સભ્યો નો કોઈ પણ રોલ છે?
- શુ ગર્ભ સંસ્કાર માટે તમારો કોઈ પ્રશ્ન છે?
- તો એક વખત અમને અવશ્ય મળો.
- તમારા પ્રશ્નો નો યોગ્ય ઉત્તર અમારી પાસેથી મળી શકે છે.

**ONLINE CONSULTATION AVAILABLE THROUGH VIDEO CALL**

**Case Fee:- Rs. 1000/-**

Only On Second Saturday and Sunday
Rs. 500/-

**એપોઈન્ટમેન્ટ લઈને આવવું.**

## ચામડી ના રોગ

- જુની ધાધર
- જુનું ખરજવુ
- ચામડી પરના મસા
- સોરિયાસિસ
- સફેદ-ડાઘ
- પગના ચીરા તથા કણી
- ખીલ અને તેના ડાઘ
- શીળસ
- કરોળીયા

## પુરૂષોને લગતા રોગો

- નપુંસકતા
- શુક્રાણુઓની ઉણપ
- પ્રોસ્ટેટની સમસ્યા વગેરે

## અન્ય રોગો

- ડાયાબિટીસ
- બ્લડ પ્રેશર (B.P.)
- થાઈરોઈડ
- આસ્થામા
- કિડની/ પિત્તાશય પથરી
- એલર્જી

## વાળના રોગો

- ખરતાં વાળ
- ખોડો
- નાનપણ માં સફેદ વાળ
- ટાલ પડાવી
- ઉંદરી

## સ્ત્રી રોગો

- માસિક ને લાગતી તકલીફો
- સફેદ પાણી
- શરીર ધોવાવું
- PCOD/PCOS
- પેશાબમા વારંવાર ઈન્ફેક્શન
- વંધ્યત્વ-વગેરે

## પાચનને લગતા રોગો

- ગેસ
- અપચો
- જુની એસીડીટી
- જુની કબજીયાત
- હરસ
- મસા
- લીવરનો સોજો
- ફેટી લીવર - વગેરે

## માનસિક રોગો

- ડિપ્રેશન
- તણાવ
- ગભરામણ
- અનિંદ્રા

## સાંધાના રોગો

- સાયટિકા
- સંધિવા
- આમ વા
- ગઠિયા વા
- કમર નો દુઃખાવો
- મણકા નો ઘસારો
- સાંધાનો ઘસારો
- એડીનો દુઃખાવો -વગેરે














**અમદાવાદ**

5/બી શ્રુતિકુંજ સોસાયટી વિભાગ ૧, ઈલાજ મેડિકલ સ્ટોર ની બાજુમાં, જુના મણીનગર રેલ્વે ક્રોસિંગ પાસે,મણિનગર ( ઈસ્ટ ), અમદાવાદ


**શ્રીબંધુ માટે કન્સલ્ટેશન ફ્રી.**

# વરદાન ક્લીનીક
# અને
# વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર




ડૉ. મહેશકુમાર એસ. શુક્લ
વૈદ્ય યોગીનીબેન એમ. શુક્લ
ડૉ. રુદ્રાગ એમ. શુક્લ

**વરદાન ગર્ભ સંસ્કાર કેન્દ્ર. લુણાવાડા.**
**Mob 9426085801/9428367893**

# સમસ્ત શ્રીગૌડ સમાજ તરફથી સિદ્ધિ પામનાર દરેકને ખૂબ ખૂબ અભિનંદન.

## સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા આયોજિત

## શ્રી હેમંતભાઈ પુરોહિત

IT & ERP CONSULTANT

Career Since 1979 and Continuing...

અનુભાવ • અભ્યાસ • આધુનિક વિચારશક્તિ • સેવા • વિકાસ



**શ્રી હેમંતભાઈ પુરોહિત**

IT & ERP CONSULTANT

1979 થી IT ક્ષેત્રે કાર્યરત એક અનુભવી, દૂરદર્શી અને આધુનિક વિચારશક્તિવાળા પ્રોફેશનલ. ટેકનોલોજી, મેનેજમેન્ટ અને સેવા માટે અવિરત સમર્પિત.

### વ્યક્તિગત જીવન અને વ્યાવસાયિક સિદ્ધિઓ – 10 મુખ્ય હાઈલાઈટ્સ

1. **ઉચ્ચ શિક્ષણ અને સતત અભ્યાસ**
   B.Com, M.Com, LL.B, DTP (Distinction), Computer Hardware & Software Engineering. CA (ACCA, London) – છેલ્લા 3 પેપર બાકી.
2. **1979 થી IT પ્રવાસની શરૂઆત**
   NDDB સાથે કારકિર્દીની શરૂઆત. 1978માં ભારતમાં 'Mainframe Computers' સૌ પ્રથમ આવ્યા. 1979 થી કમ્પ્યુટર ક્ષેત્રે સતત કાર્યરત.
3. **Computer Consultancy ની સ્થાપના**
   1988 માં VRS લઈને પોતાની Computer Consultancy શરૂ કરી અને આજે સુધી સફળતાપૂર્વક ચલાવી રહ્યા છે.
4. **બેન્કિંગ અને ઈન્ડસ્ટ્રીઝ કમ્પ્યુટરાઈઝેશન**
   આણંદની અગ્રણી બેન્કોને Turnkey આધારે, કમ્પ્યુટરાઈઝ. GIDC અને અનેક Public Ltd., Pvt. Ltd. ફેક્ટરીઓ, બિઝનેસ હાઉસિસ વગેરેને કમ્પ્યુટરાઈઝ કર્યાં.
5. **Rotary સાથે સેવા અને નેતૃત્વ**
   1997 માં આણંદ Rotary Club માં જોડાયા. 2001 અને 2002 માં President તરીકે સેવાઓ આપી. Inner Wheel Club માં President શ્રીમતી માલવિકા પુરોહિત.
6. **London માં આંતરરાષ્ટ્રીય અનુભવ**
   2002 માં Work Permit પર L'Oréal Beauty Products Distribution Company માં IT Manager તરીકે કાર્યાં.
7. **CA (ACCA, London) ની સિદ્ધિ**
   28 વર્ષ ભણતર પછી અને 55 વર્ષની ઉંમરે CA (ACCA, London) નો અભ્યાસ શરૂ કર્યો. અને અભ્યાસ પૂર્ણતા તરફ આગળ વધ્યો.
8. **ERP SYSTEM ની ઉશળતાઓન નિષ્ણાતી**
   2005 થી ERP System Customization અને Implementation માં પ્રોફેશનલ એક્સપર્ટ. દુનિયાની મોટી ઇન્ડસ્ટ્રીઝ અને બિઝનેસ ERP પર ચાલે છે.
9. **ERP Consultant તરીકે અગત્યની સેવા**
   ઇન્ડિયા પાછા આવી ERP Consultant તરીકે કાર્યાં. ઘણી પ્રતિષ્ઠિત ફેક્ટરીઓ અને કંમનીઓને વર્ષોથી ERP Consultancy અને IT Solutions પૂરા પાડ્યા.
10. **આધુનિક વિચારો અને સતત અપડેટ**
   AI (Artificial Intelligence), નવીનતમ ટેકનોલોજી, Development અને Digital Presence (Facebook Page) પર સતત અભ્યાસ અને કાર્યાં.

### કૌટુંબિક માહિતી

- **હેમંતકુમાર ભગવતપ્રસાદ પુરોહિત** – વતન : ઉમરેઠ । હાલ : આણંદ
- **માલવિકા કૃષ્ણકાંત જોશી (પત્ની)** – વતન : ગોધરા । હાલ : અમદાવાદ
- **પુષ્પક હેમંતકુમાર પુરોહિત (પુત્ર)** – Yuken Pharma Company માં Quality Control માં મેલબોર્ન (Australia) ગયા અને ત્યાં સ્થાયી છે.
- **નીરલ હેમંતકુમાર પુરોહિત (પુત્ર)** – Software Engineer તરીકે US ગયા. હાલ Bank of America માં Software Engineer તરીકે સેવા આપે છે.

"જ્ઞાન સાથે અનુભવ અને ટેકનોલોજી સાથે માનવીય મૂલ્યો – એ જ છે મારી કાર્યશૈલી."

---

### દેશના સર્વોચ્ચ ગાઇડ્સ સન્માનથી નવાજાઈ શહેરની યુવતી...

# પ્રિયંકા પુરોહિતને રાષ્ટ્રપતિ ગાઈડ્સ પુરસ્કારથી સન્માનિત કરાઈ

**સંદેશ**

શહેરની પ્રિયંકા પુરોહિતને ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ દ્વારા આપવામાં આવતા સર્વોચ્ચ રાષ્ટ્રપતિ ગાઇડ્સ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. આ એવોર્ડ તેને રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના હસ્તે એનાયત થયો હતો. શહેર માટે ગૌરવ સમાન આ સિદ્ધિ પાછળ વર્ષોની મહેનત, શિસ્ત અને સતત પ્રયત્નો રહેલા છે.



પ્રિયંકા પુરોહિત બાળપણથી જ સ્કાઉટ્સ અને ગાઇડ્સ પ્રવૃત્તિ સાથે જોડાયેલી છે. શાળાકાળ દરમિયાન શરૂ થયેલી આ યાત્રાએ તેને માત્ર શિસ્તબદ્ધ જ નહીં, પરંતુ સમાજપ્રતિ જવાબદાર અને સજાગ નાગરિક તરીકે પણ ઘડી છે. ગાઇડ્સ પ્રવૃત્તિમાં મળતી તાલીમ દ્વારા સમયનું આયોજન, આપત્તિના સમયમાં યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા અને સેવા ભાવના જેવા ગુણો વિકસે છે.

પ્રિયંકાની માતા અલ્પા પુરોહિત દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, વર્ષો પહેલાં પ્રિયંકાને રાજ્યપાલના હસ્તે રાજ્ય પુરસ્કાર પણ પ્રાપ્ત થયો હતો. ત્યારબાદ તેણે વધુ ઊંચા ધ્યેય સાથે રાષ્ટ્રપતિ પુરસ્કાર માટે તૈયારી શરૂ કરી હતી. વિવિધ પરીક્ષાઓ, કેમ્પ અને કઠોર તાલીમમાંથી પસાર થયા બાદ અંતે તેમને આ પ્રતિષ્ઠિત સન્માન પ્રાપ્ત થયું છે. ગાઇડ્સ પ્રવૃત્તિ માત્ર શૈક્ષણિક ક્ષેત્ર પૂરતી મર્યાદિત નથી, પરંતુ વ્યક્તિના સર્વાંગી વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રિયંકાની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.



# સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત દ્વારા

એકતા
સેવા
વિકાસ

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) વર્કશોપ સફળતાપૂર્વક યોજાયો



| તારીખ | સમય | ભાગ લેનારા |
|---|---|---|
| 21 જૂન 2026 રવિવાર | સાંજે 7:30 થી 9:30 | 39 શ્રી બંધુઓ |

**શ્રી હેમંતભાઈ પુરોહિત**
IT & ERP CONSULTANT




શ્રી હેમંતભાઈ પુરોહિત દ્વારા આ વર્કશોપ માં AI શું છે, એની શરૂઆત કેવી રીતે થઈ, એનો ઉપયોગ વિદ્યાર્થીઓ તથા પ્રોફેશનલ પોતાની લાઈફમાં કેવી રીતે યુઝ કરી શકે એનુ સંપૂર્ણ જ્ઞાન એકદમ સરળ ભાષામાં આપવામાં આવ્યું હતું.

39 જેટલા શ્રી બંધુઓ એ આ વર્કશોપમાં ભાગ લીધો હતો અને પોતાના સવાલોના સંતોષકારક જવાબો પણ મેળવ્યા હતા.

શ્રી હેમંતભાઈ પુરોહિત, જેઓ અત્યારે USA માં પોતાના દીકરાના ઘરે વેકેશન માણવા ગયા છે, તેમના અમૂલ્ય સમયમાંથી થોડો સમય સમાજના શ્રી બંધુઓને AI માર્ગદર્શન આપવા માટે સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત તરફથી દિલથી ખુબ ખુબ આભાર.



તમામ શ્રી બંધુઓ જેમણે રવિવારનો સાંજનો કિંમતી સમય આપીને તથા આ વર્કશોપ ને ઈન્ટરેક્ટિવ તથા ખૂબ જ સફળ બનાવ્યો તે બદલ તેઓનો પણ ખુબ ખુબ આભાર.

આ કાર્યક્રમ માત્ર રજીસ્ટર પાર્ટીસિપન્ટ્સ માટે અને લાઈવ હતો અને તેનું કોઈ રેકોર્ડિંગ અવેલેબલ નથી.

## કોઓર્ડિનેટર

શ્રી સ્મિતલભાઈ પંડિત | શ્રી દિગીશભાઈ દવે | શ્રી હાર્દિકભાઈ શુક્લ | શ્રી હરદીપભાઈ પાઠક

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**
એકતા • સેવા • વિકાસ



# આંતરરાષ્ટ્રીય મંચ પર સિટીના ત્રણ લિટલ આર્ટિસ્ટને 'ઓનરેબલ મેનશન એવોર્ડ' એનાયત

• મિરાયા પટેલ

• નવ્યા અડાલજા

• શિવ પંડ્યા

વડોદરા : સિટીના બાળ કલાકારોએ આંતરરાષ્ટ્રીય મંચ પર નોંધપાત્ર સફળતા મેળવી છે. ચેક રિપબ્લિકમાં ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ એક્ઝિબિશન ઓફ ફાઈન આર્ટ્સ લિડીસે સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં 12,392 બાળકોમાંથી માત્ર 358 કલાકારોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ભારતના 14 અને વડોદરાના માત્ર 3 બાળકોનો સમાવેશ થયો હતો. જે પૈકી હોબી સેન્ટરના 6 વર્ષીય મીરાયા મહર્ષિ પટેલ, શિવ કેદાર પંડયા અને 8 વર્ષીય નવ્યા અડાલજાને હોનરેબલ મેનશન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તેમજ તે ઉપરાંત ઉત્તર મેસેડોનિયામાં 45મા "સ્મોલ મોન્ટમાર્ટ્રે ઓફ બિટોલા'માં 11 વર્ષીય મલ્હાર ચિંતન દેસાઈને ગોલ્ડ પેલેટ એવોર્ડ અને 11 વર્ષીય ઉર્વા ચિરાયુષ પટેલ, ડિપ્લોમા એવોર્ડ પ્રાપ્તકર્તા ડિપ્લોમા એનાયત કરવામાં આવ્યો હતો. વિશ્વમાં ફક્ત 450 વિદ્યાર્થીઓને ગોલ્ડ પેલેટ એવોર્ડ અને ડિપ્લોમા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. તેમ કાંતિ રાણા હોબી સેન્ટરના હિતેશ રાણાએ જણાવ્યું હતું.

વતન સાવલી અને હાલ વડોદરા નું ગૌરવ............

શિવ કેદાર પંડ્યા જે કૌશીક નગીનપ્રસાદ પંડ્યા ના પૌત્ર અને કેદારના દિકરા ને ચિત્રકલા માં નેશનલ લેવલે એવોર્ડ એનાયત થયેલ છે. તે બદલ સમસ્ત શ્રીગૌડ બ્રાહ્મણ સમાજ અભિનંદન પાઠવે છે.

## સમસ્ત શ્રીગૌડ સમાજ તેમજ આણંદ બ્રહ્મ શ્રી સમાજ નું ગૌરવ




સહર્ષ જણાવવાનું કે આણંદનિવાસી શ્રી પંકજકુમાર તથા શ્રીમતી ઋતાબહેન પુરોહિતનાં સુપુત્રી કુ. દિશા પુરોહિતે કેનેડાની ટોપ રેન્ક કાર્લટન યુનિવર્સિટી ખાતેથી Environment Engineering શાખામાં A+ ગ્રેડ સાથે Master of Engineering ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે.

અભ્યાસકાળ દરમિયાન મુખ્ય વિષયોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન, સેમિનાર અને ગ્રૂપ ડિસ્કશનમાં નેતૃત્વના ગુણો તથા તાર્કિક અભિગમ સાથે સમસ્યા ઉકેલવાની ક્ષમતા...જેવા ગુણોની યુનિવર્સિટીએ વિશેષ નોંધ લીધી. તેના નિષ્કર્ષરૂપે પદવીદાન સમારંભમાં તેઓની અધ્યયનયાત્રા અંગેનું વિસ્તૃત વક્તવ્ય, પ્રતિષ્ઠિત નિમંત્રિતો સમક્ષ વિડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી મુકવા કુ.દિશાને અનુરોધ કર્યો હતો.

આ ઉત્તમ સિદ્ધિ બદલ ગૌરવની લાગણી સાથે અભિનંદન પાઠવીએ છીએ.

# નીલેશભાઈ ચંદુલાલ જોષીના જમાઈ ગૌરવ ત્રિવેદી ઓપન ગ્રાન્ડ માસ્ટર્સ ચેસ ચેમ્પિયન બન્યા



આપણા ગુજરાતી શ્રીગૌડ માળવી બ્રહ્મ સમાજના મૌનસ ગોત્ર મુળ ખાંડાધાર હાલ અમદાવાદ - રાજકોટ શ્રી નીલેશભાઈ ચંદુલાલ જોષીના જમાઈ (સુપુત્રી સંજ્ઞાના પતિશ્રી) ગૌરવભાઈ વિનોદભાઈ ત્રિવેદી જેથી ગુજરાત ઇન્ટરનેશનલ ઓપન ગ્રાન્ડમાસ્ટર્સ ચેસ ટુર્નામેન્ટ-૨૦૨૬ (કેટેગરી સી)ના ચેમ્પિયન(સર્વોચ્ચ વિજેતા) બન્યા છે. અમદાવાદના નારણપુરા સ્થિત વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી આ ટૂર્નામેન્ટમાં ૭૦૦થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. અને સર્વોચ્ચ વિજેતા બદલ ગુજરાત સ્ટેટ ચેસ એસોસિએશન તરફથી ગૌરવભાઈ વિનોદભાઈ ત્રિવેદીને

ચેમ્પિયન ટ્રોફી અને રૂ. ૧ લાખ રોકડ પુરસ્કાર એનાયત કરાયા છે. શ્રી ગૌરવભાઈ ત્રિવેદી એમ. ફાર્મ થયેલા છે અને રાજકોટમાં કન્સ્ટ્રક્શન બીઝનેસમાં છે. ખુબ સરસ ખુબ સરસ ખુબ સરસ. અભિનંદન અભિનંદન અભિનંદન




મારા પુત્ર ચી.ભાર્ગવ ને Ahmedabad Management Association દ્વારા Post Graduate Diploma in Marketing & Sales Management માં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થવા બદલ "ગોલ્ડ મેડલ" આપીને સન્માનિત કરવામાં આવ્યો હતો. પરીવાર તેની આ ઉપલબ્ધિ પર ગર્વ અનુભવે છે.

With all your blessings Our dear daughter **Freny Nirav Dave** has been Selected for RDC first round clear from unit.

What is RDC?

RDC stands for Republic Day Camp, the most prestigious annual camp in the National Cadet Corps (NCC), held from January 1–29 at Delhi Cantt. Around 1,850 selected cadets from 17 directorates participate in cultural programs, national integration, and drills, culminating in the PM's Rally on January.



**વૈદેહી જીકેશ ઉપાધ્યાય**
ધોરણ - ૧૨ સાયન્સ, ૮૭.૩૬ પર્સન્ટાઈલ રેન્ક

**ક્રિશવ દિગંત જોશી**
ધોરણ - ૧૨ સાયન્સ, ૮૩.૭૯ પર્સન્ટાઈલ રેન્ક





**માહી મિહિરભાઈ પંડ્યા**
ધોરણ - ૧૨ સાયન્સ, ૭૦.૮૭ પર્સન્ટાઈલ રેન્ક

**હિમાક્ષી તેજસ મહેતા**
ધોરણ - ૧૦, ૫૦૬/૬૦૦ માર્ક, ગ્રેડ એ-૨





**યુવરાજ હાદર્દિકભાઈ દવે**
ધોરણ - ૧૦, ૪૬૨/૬૦૦ માર્ક, ગ્રેડ બી-૧



**હર્યક્ષ જગત પાઠક**
ધોરણ - ૧૦, ૫૨૯/૬૦૦ માર્ક, ગ્રેડ એ-૨

**વલભી હિમાંશુ શુક્લ**
ધોરણ - ૧૦, ૫૭૩/૬૦૦ માર્ક, ગ્રેડ એ-૧





**જય કશ્યપ શુક્લ**
ધોરણ - ૧૦, ૪૫૩/૬૦૦ માર્ક, ગ્રેડ બી-૧

**રૂદ્રા હાર્દિકકુમાર શુક્લ**
ધોરણ - ૧૦, ૯૫.૧૬





**કૃપા કેયુર જોશી**
ધોરણ - ૧૦, ૫૫૨/૬૦૦ માર્ક, ગ્રેડ એ-૨



**આસ્થા સંદિપકુમાર પુરાણી**
ધોરણ - ૧૦, ૫૭૯/૬૦૦ માર્ક, ગ્રેડ એ-૧

**જય કમલેશકુમાર દવે**
ધોરણ - ૧૦, ૫૩૨/૭૦૦ માર્ક





ટ્રસ્ટ રજી. નંબર : ઇ-૭૨૮૩/૧૯૮૯
AMC રજી. નં. : PIEL ૪૧૬૨૩/૧૯૯૫

૯૮ ૭૯ ૭૯ ૪૧ ૩૪
૯૮ ૭૯ ૬૦ ૪૧ ૩૪

॥ શ્રી ગણેશાય નમઃ ॥

Estd.1995
V. M. B.

હસમુખ જોષી સ્થાપિત

# વિધાતા મેરેજ બ્યુરો

વિધાતા એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ

૧૯૯૫થી ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાનના તેમજ ભારતના, વિદેશના સર્વજ્ઞાતિના તમામ પ્રકારના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર લગ્ન સંસ્થા

સર્વ જ્ઞાતિના અભણ, ઓછું ભણેલા, નોન ગ્રેજ્યુએટ, ડીગ્રીધારક - મેડીકલ, એન્જીનીયરીંગના ઉચ્ચ શિક્ષિત ભારતના - વિદેશના NRI માટેના જીવનસાથી પાત્રો ૧૦૦% ગેરંટીથી મેળવી આપનાર કોમ્પ્યુટરાઇઝ્ડ લગ્ન સંસ્થા

અપરણિત ● છુટાછેડા ● વિધવા ● વિધુર ● સીનીયર સીટીઝન
સફેદદાગ ● વિકલાંગ ● શારિરીક ક્ષતિ ● મુકબધિર ● પ્રજ્ઞાચક્ષુ
HIV ● NRIયુવક-યુવતિના લાયક અને યોગ્ય જીવનસાથી
પાત્રો આપની પસંદગી અને ઇચ્છા અનુસાર કોન્ટેક કરાવી આપવામાં આવે છે.

**એક ફોન / મુલાકાત આપની જિંદગી બદલી શકે છે.**

૩૧૬, ત્રીજોમાળ, સીટીગેટ, વિશાલા હોટલ અને રાજયશ સીટીની વચ્ચે, ન્યુ વાસણા, અમદાવાદ.
સમય : ૧૦ થી ૮ ● રવિવાર ૧૦ થી ૧ ● જાહેર રજાએ ચાલુ
Website : www.vidhatamarriage.com
E-mail : contact@vidhatamarriage.com

"લગ્ન સ્વર્ગમાં રચાય છે, તેમની જોડી "વિધાતા" યોગ્ય સમયે મેળવી આપે છે, તેમાં પુરુષાર્થ થકી પ્રારબ્ધ ઘડવાની "વિધાતા" પણ છૂટ આપે છે."

નિલમ જોષી
ધ્વનિ જોષી

દિના જોષી
મેનેજર

## કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યો

# સાવલીમાં અદ્યતન પંચકર્મ વેલનેસ સેન્ટરનો પ્રારંભ

### ગોસ્વામી શ્રી વ્રજરાજકુમારજીના પાવન હસ્તે શુભારંભ

ગુજરાતની અસ્મિતા । સાવલી, તા. 30



કે.જે. ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ એન્ડ રિસર્ચ, સાવલી સંચાલિત કાશીબા આયુર્વેદિક હોસ્પિટલ ખાતે અદ્યતન પંચકર્મ વેલનેસ સેન્ટર નો ભવ્ય શુભારંભ પરમપૂજ્ય ગોસ્વામી 108 શ્રી વ્રજરાજકુમારજી ના પાવન વરદહસ્તે ધાર્મિક અને આયુર્વેદિક માહોલ વચ્ચે સંપન્ન થયો હતો. આ પ્રસંગે તાલુકાના મહાનુભાવો, ટ્રસ્ટીગણ, તબીબો, વિદ્યાર્થીઓ તેમજ મોટી સંખ્યામાં તાલુકા વાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શુભારંભ પ્રસંગે આશીર્વચન આપતાં પરમપૂજ્ય ગોસ્વામી શ્રી વ્રજરાજકુમારજીએ જણાવ્યું હતું કે આજના ઝડપી, સ્પર્ધાત્મક અને તણાવભર્યા યુગમાં આયુર્વેદ માત્ર સારવાર પદ્ધતિ નહીં પરંતુ સ્વસ્થ, સંતુલિત અને સુખમય જીવન જીવવાની એક વૈજ્ઞાનિક જીવનશૈલી છે. આયુર્વેદ શરીર, મન અને આત્માના સમન્વય દ્વારા માનવજીવનને નિરોગી બનાવવાનો માર્ગ દર્શાવે છે. તેમણે "સર્વે સંતુ નિરામયાઃ"ના પવિત્ર સંકલ્પને સાકાર કરવા માટે પંચકર્મ વેલનેસ સેન્ટરની શરૂઆતને આરોગ્ય ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સોપાન ગણાવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન આયુર્વેદની પ્રાચીન અને વૈજ્ઞાનિક પરંપરાને જીવંત રાખતી એક વિશિષ્ટ પહેલ પણ કરવામાં આવી હતી. આયુર્વેદિક ગ્રંથોમાં વર્ષો સુધી પરિપક્વ થયેલા ઘીને વિશેષ ઔષધીય ગુણધર્મો ધરાવતું ગણવામાં આવ્યું છે. આ પરંપરાને અનુસરીને ગોસ્વામી શ્રીના પાવન હસ્તે એક ઘડામાં શુદ્ધ ઘીનું સ્થાપન કરવામાં આવ્યું, જેને આગામી દસ વર્ષ સુધી વિશેષ રીતે સંરક્ષિત રાખવામાં આવશે. દસ વર્ષ બાદ આ ઘીનો ઉપયોગ વિવિધ આયુર્વેદિક ઉપચારમાં કરવામાં આવશે, જેથી દર્દીઓને વધુ ગુણવત્તાસભર અને અસરકારક સારવાર ઉપલબ્ધ થઈ શકે.

સંસ્થાના ટ્રસ્ટી ધર્મેશ પંડ્યા એ જણાવ્યું હતું કે આધુનિક જીવનશૈલી, અનિયમિત આહાર, માનસિક તણાવ તથા જીવનશૈલીજન્ય રોગોના વધતા પ્રકોપ વચ્ચે લોકો ફરીથી આયુર્વેદ તરફ આકર્ષાઈ રહ્યા છે. આવા સંજોગોમાં પંચકર્મ વેલનેસ સેન્ટર પ્રાચીન આયુર્વેદિક જ્ઞાન અને આધુનિક આરોગ્યસુવિધાઓનો ઉત્તમ સમન્વય પૂરું પાડશે.

## ભારતીય એમ્બેસીમાં નિમણૂંક પામેલ સુશ્રી અનિતા શુકલ

ભારતના કવીટો, ઈકવોડોર ખાતે નિયુંકત એમ્બેસેડર દ્વારા આયોગની મુલાકાત કવીટો, ઈકવોડોર ખાતેની ભારતીય એમ્બેસીમાં નિમણૂંક પામેલ સુશ્રી અનિતા શુકલ દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૬ના રોજ ગુજરાત માહિતી આયોગની મુલાકાત લેવામાં આવેલ હતી. માનનીય રાજય મુખ્ય માહિતી કમિશનરશ્રી ડૉ. સુભાષ સોની અને અન્ય રાજય માહિતી કમિશનરશ્રીઓએ સુશ્રી અનિતા શુકલને ગુજરાત માહિતી આયોગની વિવિધ અગત્યની કામગીરીથી વાકેફ કરેલ હતા. સુશ્રી અનિતા શુકલએ આયોગ દ્વારા કરવામાં આવેલ કામગીરી અનેક રીતે ઉપયોગી હોવાનું જણાવી, આયોગની કામગીરીને બિરદાવી હતી.






મારા પૌત્ર હર્ષિલ દવે,નામાંકિત ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશ્યલ સાયન્સ, મુંબઈ દ્વારા લેવાયેલ ગ્રેજ્યુએશન પરીક્ષા માં સમગ્ર ભારત માં પ્રથમ ક્રમે ઉત્તિર્ણ થતાં , ભારત વિકાસ પરિષદ, વટવા-અમદાવાદ શાખા ના લાડીલા પ્રમુખ  શ્રી મહેશભાઈ પરીખ અને ટ્રસ્ટી શ્રી શિવલાલ ભાઇ પંચાસરા જી ના વરદ હસ્તે સન્માનિત થયા...તા.20/06/26.






દિવ્ય ભાસ્કર ગોધરા-દાહોદ ભાસ્કર 21-06-2026

**નિવૃત્ત શિક્ષક દિવાકર શુકલનો ભેંસાલ શાળામાં 111મો કાર્યક્રમ**

ભાસ્કર ન્યૂઝ | લીમખેડા


દાહોદની બાંડીબાર હાઈસ્કૂલમાંથી નિવૃત્ત રાજ્ય પારિતોષિક વિજેતા શિક્ષક દિવાકર શુક્લ (ઉ.વ. 68) છેલ્લાં 9 વર્ષથી અનોખો શૈક્ષણિક સેવાયજ્ઞ ચલાવી રહ્યા છે. કોઈપણ આર્થિક અપેક્ષા વિના ગ્રામ્ય વિસ્તારના આદિવાસી અને પછાત વિદ્યાર્થીઓના ભવિષ્ય ઘડતર માટે કાર્યરત આ સેવાયજ્ઞનો 111મો કાર્યક્રમ તાજેતરમાં શહેરા તાલુકાની ભેંસાલ શાળા ખાતે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગાંધીનગર ખાતે રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાના હસ્તે દિવાકર શુક્લને શાલ, શિલ્ડ અને ટ્રોફી એનાયત કરી વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.



**આપણા શ્રીબંધુ દ્વારા લખાયેલ પુસ્તક જે આજે પ્રકાશિત થયું છે.**

**લેખક: ડો. પાર્થ રાજેશભાઈ પંડ્યા, અમદાવાદ.**




આજે તેમનું પુસ્તક વિદેશમાં પ્રકાશિત થયેલ છે. All over the world. દસ દિવસ પછી ભારતમાં પ્રકાશિત થશે. આપણે ત્યાં ગૌ, ગંગા, ગાયત્રી તથા ગરવી ગીતા નું ખુબ મહત્વ છે.આ પુસ્તકમાં મુખ્ય વિષય ગંગા તથા ગાયત્રી વિષયક છે. સ્વાનુભવની વાતો છે. દરેક વ્યક્તિ ચાહે તે વિદ્યાથી હોય કે શિક્ષીત, દરેકના જીવનમાં  ઉપયોગી થાય તેવી રજૂઆત કરી છે. આજે હરિદ્વાર જઈ ગંગા મૈયાને પુસ્તક અર્પણ કરશે. આવતા વર્ષે નવું પુસ્તક આપશે.

- હરેશ પંડ્યા, નડીઆદ

ગુજરાતી સાહિત્ય અકાદમી દ્વારા શ્રી બંધુ ડૉ.વિજયભાઈ પંડ્યા ના પૂસ્તક ને પ્રથમ ક્રમાંક મળ્યો અને ૧૧૦૦૦/- ના પૂરસ્કાર થી સન્માનિત કરાયા..ખૂબ ખૂબ અભિનંદન..




સમસ્ત શ્રીગૌડ સમાજના વિદ્યાર્થીઓને શ્રી શૈલેષભાઈ ઉપાધ્યાય અને તેમના પરિવાર તરફથી તેમના પિતાશ્રી અને માતાશ્રીના સ્મરણાર્થે નિ:શુલ્ક ચોપડાનું વિતરણ મણિનગર, અમદાવાદ ખાતે તેમના નિવાસસ્થાને કરવામાં આવ્યું. ધોરણ -૭ થી ધોરણ-૧૨ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને વિદ્યાથી દીઠ ૬ નંગ ચોપડા આપવામાં આવ્યાં હતાં.

સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત શ્રી શૈલેષભાઈ ઉપાધ્યાય નો ખૂબ આભાર વ્યક્ત કરે છે.




શ્રીમતિ સ્મિતાબેન વિનાયકુ શુક્લનો ઓલ ઈન્ડિયા રેડિયો, આકાશવાણી પરથી અધિક મહિનાનું વિશેષ મહત્ત્વ વિશે એક પ્રોગ્રામ થઈ ગયો. શ્રીમતિ સ્મિતાબેન વિ. શુક્લ ગોધરા ખાતે બ્રહ્મ સમાજમાં પણ આગળ પડતું નેતૃત્વ કરે છે. હાર્દિક અભિનંદન.

## ખુશીનું વૈદું

- પચાસ પછીની ઉંમરમાં શરીરની અનેક સમસ્યાઓની વચ્ચે સહેજ ગરમ કરી મીઠું નાંખેલ ગાજર રસ એક એવી ઔષધિ છે કે તમને શરીર નબળું પાડવા ન દે.
- ગાજર રસ આંખોની રોશની જાળવી રાખીને કીડની અને હ્રદયના સ્નાયુઓને બળ અને પોષણ આપે છે.
- નિયમિત ગાજર રસ પીનારા કોઈ દિવસ પાછળની ઉંમરે વાંકા વળીને ચાલશે નહીં.
- મગ, ચણા, મઠ જેવા કઠોળ માં ઉચ્ચ પ્રકારનું પ્રોટીન હોય છે. તેનો પૂરો લાભ લેવા તેને પાણીમાં દસ કલાક પલાળી રાખીને પછી પાણી કાઢીને ચાળણીમાં રાખી, નીચે માપની તપેલી અને ઉપર કાણા વાળું ઢાંકણ ઢાંકીને પંદરેક કલાક રાખશો તો તરત અંકુર એમાં ફૂટી નીકળશે. થોડી ભેજવાળી જગ્યા અથવા ઠંડક વાળી જગ્યાએ મૂકવું પડે.
- તાવ આવ્યો હોય તો ઉકાળેલ પાણી પર લાંઘણ ઉત્તમ ઉપાય છે. કડું, કરિયાતું, લીમડાની આંતરછાલનો ઉકાળો દસ દિવસ પીવામાં આવે તો તાવ રોગ સહિત અન્ય અશુદ્ધિઓ શરીર બહાર નીકળી જશે.
- જમ્યા પહેલાં આદું -લીંબુ -ફૂદીના નો રસ હંમેશા ભોજનને પચાવવા માં મદદ જ કરે છે.
- સવારે નરણા કોઠે ગરમ પાણી કબજિયાત જેવા અનેક રોગો દૂર કરી શરીરને રોગમુક્ત રાખે છે.
- હળદર-આમળાં ચૂર્ણ હંમેશા રસાયણ રૂપ, પ્રમેહ દૂર કરનાર અને શરીરની યૂવાની ટકાવી રાખનાર છે.
- જુવાર લોટ ભાખરી હંમેશા શરીરને મજબૂત બનાવનાર છે. ડાયાબિટીસ વાળા માટે કાયમ આશીર્વાદરૂપ ગણાય છે, એમાં ગ્લુટેન હોતું નથી.

# સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત દ્વારા યોજાયેલ કેરમ અને ચેસ ની અખિલ ગુજરાત ટુર્નામેન્ટ નો અહેવાલ




પ્રિય શ્રીબંધુ/ભગિની,

જય મહાલક્ષ્મી મા.

એક અનેરો ઉત્સાહ અને આનંદના વાતાવરણમાં તા.૨૮/૦૬/૨૦૨૬, રવિવારના રોજ સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાતના ઉપક્રમે અખિલ ગુજરાત સમસ્ત શ્રીગૌડ કેરમ અને અખિલ ગુજરાત સમસ્ત શ્રીગૌડ ચેસ ટુર્નામેન્ટ નું આયોજન દેવ ઓરમ, પ્રહલાદ નગર, અમદાવાદ ખાતે કરવામાં આવેલ હતું .સમાજના કાર્યકાળમાં લગભગ સૌ પ્રથમ વાર આ પ્રકારની ઈન્ડોર રમતની ટુર્નામેન્ટનું આયોજન થયું. જેમાં આ ટુર્નામેન્ટમાં સમાજના બાળકો, યૂવાનો અને વડીલો એ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. સવારે 10.15 મિનિટે શરું કરેલ ટુર્નામેન્ટ સાંજે 4.30 વાગ્યે પૂર્ણ થઈ હતી. ટુર્નામેન્ટ માં ભાગ લેનાર તથા તેમની સાથે આવેલ વડીલોના ચેહરા એક સંપૂર્ણ કંઈક નવું કર્યુ કે જોવા મળ્યું એવો ભાવ સ્પષ્ટ બતાવતાં હતાં. સ્પર્ધામાં 25 સ્પર્ધકો એ ભાગ લીધો હતો તેમની સાથે આવેલ વડીલો મળીને કુલ 60 જેટલાં શ્રી બંધુઓ હાજર રહેલ હતાં. વ્યવસ્થાપકો એ અગાઉથી જ સુંદર વ્યવસ્થા કરી હતી.

સ્પર્ધામાં ભાગ લેનાર સ્પર્ધકો માં જે પ્રથમ અને દ્વિતીય આવ્યાં તેમને ઈનામ આપવામાં આવેલ હતાં. સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને મોમેન્ટો સાથે પ્રમાણપત્રો આપવામાં આવેલ છે.

આ ટુર્નામેન્ટ ને સફળ બનાવવામાં એક ટીમ વર્ક - વિશેષતઃ સર્વશ્રી શ્રી ધ્રુવ જોષી (પ્રમુખશ્રી), શ્રી ધ્રુવ શુક્લ (ટ્રસ્ટી અને ટુર્નામેન્ટ કોઓર્ડિનેટર, શ્રી જયંત જોષી (ઉપપ્રમુખ), શ્રી યોગેશ શુક્લ (મંત્રી), શ્રી પ્રવિણ પુરોહિત (આંતરિક ઓડિટર), શ્રી વિનીત દવે (કોષાધ્યક્ષ), શ્રી દિગીશ દવે (સહમંત્રી), શ્રી રાજેશ કે. પંડ્યા (સહમંત્રી ) તેમજ કારોબારી સભ્યો - શ્રી રાજેશ પંડ્યા, શ્રી વર્ષિલ શુક્લ, શ્રી જિજ્ઞેશ પંડિત, શ્રી હેતલભાઈ શુક્લ, શ્રી હાર્દિક શુક્લ, શ્રી ઉમેશ પંડ્યા, સુશ્રી પલ્લવીબેન શુક્લ, શ્રી શ્રી રાજેન્દ્ર પંડ્યા, શ્રી જિજ્ઞેશ પાઠક, શ્રી ભાર્ગેવ દવે ટુર્નામેન્ટ ડાયરેક્ટર અને મહિલા આગેવાન સુશ્રી લીનાબેન શુક્લ, સુશ્રી પારૂલબેન દવે, સુશ્રી રશ્મિબેન દવે વગેરે એ અમૂલ્ય ફાળો આપ્યો છે. તેઓનો તેમજ સમાજના અનેક મહાનુભાવો જે અમદાવાદ, ગાંધીનગર, ગોધરા, વડોદરાથી ઉપસ્થિત રહ્યા અને ઉત્સાહ વર્ધન કર્યુ તે સૌ નો હાર્દિક આભાર વ્યક્ત કરીએ છીએ. શ્રી અમિત પંડ્યા, શ્રી દેવમ કોકિલ દવે, શ્રી રાજેન્દ્ર પંડ્યા તેમજ જેઓએ નિર્ણાયક તરીકેની સેવા આપી હતી તે સૌનો ખૂબ ખૂબ આભાર.

આ પ્રોગ્રામ ને રૂ. ૬૦૦૦/- નું દાન શ્રી આલોક મહેશભાઈ જોશી તરફથી મળેલ છે તેમજ પ્રમુખ શ્રી

તરફથી ભોજન ખર્ચ આપવામાં આવેલ છે. આ મહાનુભાવોનો દિલથી આભાર.

આ સફળ કાર્યક્રમની વિશેષતા એ હતી કે સમાજનું ભવિષ્ય એટલે કે કિશોરો, યુવાનો અલબત્ત અન્ય વડીલો, બહેનોએ આવા કાર્યક્રમો સમયાંતરે યોજવાનો આગ્રહ વ્યક્ત કર્યો. સાથે કાર્યક્રમ વિશે પોતાનો સારો ભાવ પ્રગટ કર્યો. ભવિષ્યમાં આવા કાર્યક્રમો યોજાય તો તેઓ અવશ્ય ભાગ લેશે એમ ઈચ્છા વ્યક્ત કરી હતી.

અંતે વિરમતા પહેલા વાત કરીએ તો સમાજ ને એક ધ્યેય સાથે સામંજસ્ય મજબૂત કરી "**संघे शक्तिः कलौ युगे**" પ્રાપ્ત કરવા સકારાત્મક અભિગમ સાથે સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન અમે કરતા રહીશું; આપના સાથ, સહકાર અને યોગદાનના ત્રિદલ સમન્વય ચોક્કસ મળશે એવી આશા.

આ સાથે ટુર્નામેન્ટ વખતે લીધેલ ફોટોઓ શેર કર્યા છે. આવો સહકાર સમાજના સભ્યો તરફથી મળતો રહેશે તેવી આશા સાથે ખૂબ આભાર.

| | | |
|---|---|---|
| **પ્રમુખશ્રી** | **મંત્રીશ્રી** | **ધ્રુવ શુક્લ** |
| **ધ્રુવ જોશી** | **યોગેશ શુક્લ** | **ટુર્નામેન્ટ કોઓર્ડિનેટર** |

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**

ટુર્નામેન્ટ માં ૨૫ થી વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સર્ટિફિકેટ આપીને, વિજેતા સ્પર્ધકોને ઈનામ અને સર્ટિફિકેટ સાથે રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરાયા હતાં. રોકડ પુરસ્કારના સહયોગી શ્રી ઉમેશભાઈ પંડ્યા, વડોદરા હતાં.રમત ગમતને પ્રોત્સાહન આપનાર આપણા એક શ્રીબંધુ આલોક ભાઈ જોષી, વડોદરા તરફથી આર્થિક યોગદાન પ્રાપ્ત થયું હતું. સમાજ તેમનો આભાર વ્યક્ત કરે છે.

## વિજેતાઓ ના નામ

CHESS JUNIORS

1. કળશ પાઠક (વિજેતા)
2. જેનિલ પુરોહિત, (રનર્સ અપ)

SENIORS

1. રુદ્ર પાઠક (વિજેતા)
2. મીત ભટ્ટ (રનર્સ અપ)

CARROM JUNIORS

1. મીત પાઠક (વિજેતા)
2. રુદ્ર શુક્લ (રનર્સ અપ)

SENIORS

1. મીત ભટ્ટ (વિજેતા)
2. વિપુલભાઈ દવે (રનર્સ અપ)






















અમદાવાદ
ધ્રુવ જોષી
પ્રમુખ
ધ્રુવ શુક્લ
કો-ઓર્ડીનેટર

















# "કસક" નું પુસ્તક વિમોચન

કલરવ ચેરિટેબલ ટ્રસ્ટ ના ઉપપ્રમુખ અને સમસ્ત શ્રીગૌડ સમાજ ગુજરાત ના સહમંત્રી સાથે શ્રીગૌડ જાગૃતિ ના તંત્રી શ્રી રાજેશ પંડ્યા 'રાજ' ના પોતાના કલરવ ગુજરાતી સાહિત્ય ગૃપ ના ઉપક્રમે સંયુક્ત પૂસ્તક "કસક" નું પુસ્તક વિમોચન, કવિ સંમેલન અને સન્માન સમારોહ પ્રસંગ હોટેલ રિવેરા બેન્કવેટ, અમદાવાદ માં યોજાયો હતો. ગુજરાતી સાહિત્ય ના નામી કવિ / લેખકો ને સન્માનિત કરાયા હતાં. નવલકથાકાર કલ્પેશ પટેલ, ગઝલનાથ જિગરભાઈ ઠક્કર , શ્રી કિશોરભાઈ જીકાદરા, વિનોદ માણેક ચાતક જેવા ૧૨૫ નામી કવિ/ લેખકો એ આ સમારોહમાં ભાગ લીધો હતો.

૬૦ જેટલા ચંદ્રકો એનાયત કરવામાં આવ્યાં હતાં. રાજેશ પંડ્યા 'રાજ' આવી અન્ય અનેક સાહિત્ય સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને શ્રીગૌડ જાગૃતિનું ખૂબજ ઉત્સાહ થી કાર્ય કરે છે એ સમાજ પ્રત્યે એમનો પ્રેમભાવ બતાવે છે.

- ધ્રુવ જોષી, પ્રમુખ








# શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ, વડોદરા

સર્વે સદસ્ય ગણ............



શ્રી શ્રીગૌડ મિત્ર મંડળ ટ્રસ્ટ , વડોદરા દ્વારા મંડળની વાર્ષિક સાધારણ સભા અને શ્રી રાજકુમાર સંચાલિત અલંકાર મ્યુઝિકલ ગ્રુપ નો ગીત સંગીત અને ફિલ્મી ક્વિઝ નો કાર્યક્રમ તા.૨૭/૦૬/૨૦૨૬ ને શનિવારે સાંજે ૫=૦૦ કલાકે વાલમ હૉલ , હરણી વડોદરા મુકામે યોજવામાં આવેલ એ સૌહાર્દ સ્નેહ ભર્યા વાતાવરણમાં સંપન્ન થયો હતો.

કાર્યક્રમની શરૂઆત મંડળના ભૂતપૂર્વ પ્રમુખ અને વડીલશ્રી વિનયકાંત શુક્લ, શ્રી હરેન્દ્ર શુક્લ અને શ્રી અશોકભાઈ શુક્લ ના હસ્તે દીપ પ્રગટાવી અને શ્રીમતિ સંગીતાબેન શુક્લ ના સુમધુર કંઠે પ્રસ્તુત શ્રી મહાલક્ષ્મી માતાજીની સ્તુતિ દ્વારા કરવામાં આવી.

સૌ પ્રથમ મંડળના પ્રમુખશ્રી જયેન્દ્ર દવે એ વાર્ષિક સાધારણ સભામાં સભાની કાર્યસૂચિ રજૂ કરી સૌ ઉપસ્થિત મંડળના સભ્યોનું અને ગીત સંગીત મનોરંજક કાર્યક્રમ રજૂ કરનાર શ્રી રાજકુમાર અને અલંકાર મ્યુઝિકલ ગ્રુપના કલાકારોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન મંત્રી શ્રી મનોજભાઈ શુક્લ થકી કરવામાં આવ્યું ત્યાર બાદ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ દરમ્યાન મંડળ દ્વારા યોજાયેલ સમગ્ર પ્રવૃતિઓનો અહેવાલ રજૂ કર્યો જે ઉપસ્થિત સૌ સભ્યોએ સર્વાનુમતે પાસ કર્યા હતાં.

એ પછી નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૦૨૬ ના મંડળના હિસાબો જે CA શ્રી કેતનભાઈ દ્વારા પ્રમાણિત અને મંડળની ટ્રસ્ટ કારોબારી દ્વારા પાસનો અહેવાલ ખજાનચીશ્રી અસિતભાઈ શુક્લ એ સભામાં રજૂ કર્યો જે ઉપસ્થિત સૌ સભ્યો એ સ્વીકારી સર્વાનુમતે પસાર કર્યા.

ઉપરોક્ત મંત્રીશ્રી અને ખજનચીશ્રી દ્વારા પ્રસ્તુત પ્રવૃતિ અહેવાલ અને હિસાબો ને ઠરાવ સ્વરૂપે અનુમોદન આપવામાં આવ્યું. અન્ય કોઈ કામ ન હોવાથી સૌનો આભાર માની સભા સમાપ્તિની ઘોષણા કરવામાં આવી. ત્યારબાદ આયોજિત શ્રી રાજકુમાર સંચાલિત અલંકાર મ્યુઝિકલ ગ્રૂપના કાલાવૃંદ તરફથી મનમોહક... કર્ણપ્રિય અને જોશીલા ગીતો રજૂ કરી સૌને સંમોહિત કરી દીધા હતાં તેમજ હૉલમાં ઉપસ્થિત સૌ સમરસ ભાવે ખુશખુશાલ આનંદ માણ્યો હતો.

અંતે મંડળ દ્વારા આયોજિત સ્વાદિષ્ટ ભોજન ને ન્યાય આપી અનુભવિત આનંદની ક્ષણોને યાદ કરી સૌ એ વિદાય લીધી. આભાર........

**શ્રી મનોજ શુક્લ, મંત્રી** **શ્રી જયેન્દ્ર દવે, પ્રમુખ**





# શ્રીગૌડ સાડત્રીસ સમાજ

સપ્રેમ નમસ્કાર

શ્રીગૌડ સાડત્રીસ સમાજ દ્વારા 15 મો સમુહજનોઈ તથા સમાજ ની બહેનો નું ઘટક વનિતા વૃંદ નો દશાબ્દી સમારંભ તા 03/05/2026 ને રવિવારે મહુધા મુકામે રાખવામાં આવેલ હતો જે ખુબ આનંદ ઉત્સાહ પૂર્વક સંપન્ન થયો. આ પ્રસંગે સમાજ ના સભ્યો ખુબ મોટી સંખ્યા માં હાજર રહ્યા હતાં. સમુહ જનોઈ ની સાથે સવારના સત્રમાં સમાજ ના સભ્યો દ્વારા વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું

—જેમાં હોમીઓપેથી કન્સલ્ટન્સી (ડૉ.હીરેન જોષી)

-- ટેરો કાર્ડ રીડિંગ દ્વારા ભવિષ્ય જાણવાની તક (શ્રીમતી સ્તુતિ પંડ્યા)

-- ફિઝિયોથેરાપી કન્સલ્ટન્સી (ડૉ.અચલ શાસ્ત્રી)

-- ૧૫ વર્ષ સુધીના બાળકો માટે ફ્રી ટેટૂ સેવા ( મહિમા પંડ્યા)

-- સનાતન ધર્મ વિષયક ક્વિઝ (ડૉ. નિકિતા જોષી)

-- સમાજ ના દાતા શ્રીઓ નું સન્માન જેવી રસપ્રદ અને જ્ઞાનવર્ધક પ્રવૃત્તિઓનો સમાવેશ થયો હતો.

બીજા સત્ર માં બપોરે ૨ થી ૪ દરમિયાન

--- દ્વિતીય ચરણમાં જીવન સાથી પસંદગી સંમેલન સમાજ ના 45 યુવક - યુવતિ એ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને હાજર રહ્યા હતાં .

--- ગૌરવવંતી વનિતાઓનું બહુમાન.

--- દશાબ્દી વર્ષને અનુલક્ષીને નાટક

--- વનિતા વૃંદ કમિટી દ્વારા સ્લોગન પઠન અને લકી ડ્રો જેવા વિવિધ કાર્યક્રમો યોજવા માં આવ્યા હતાં જે ખૂબ જ રસપ્રદ અને આનંદદાયક રહ્યા.

આ પ્રસંગે અતિથિ વિશેષ ડૉ.નિકિતાબેન જોષી (અમદાવાદ) તથા પ્રતિક્ષાબેન પંડયા (બાલાસિનોર) ઉપસ્થિત રહ્યા હતાં આ સમગ્ર કાર્યક્રમ ખૂબ જ સરસ રીતે આયોજનબદ્ધ હતો.બધી જ સુવિધાઓ ઉત્તમ હતી અને જમવાનું તો ખૂબ જ સ્વાદિષ્ટ હતું. પણ ખાસ વાત એ રહી કે સામાન્ય રીતે દરેક કાર્યક્રમમાં બપોરે ૪ કે ૫ વાગ્યે ચા-કોફી કે ઠંડા પીણાં આપવામાં આવે છે, જ્યારે અહીં મહુધાના આ કાર્યક્રમમાં આપણું વર્ષો જૂનું લોકપ્રિય પીણું "કેરીનો બાફલો" પીવા મળ્યો આ પીણું ખૂબ જ ટેસ્ટી અને તાજગીભર્યું લાગ્યું — આવી ગરમીમાં તો ખરેખર મનને તૃપ્ત કરી દે તેવું હતું!

ફંક્શન પૂર્ણ થયા પછી સ્વાદિષ્ટ આઇસ્ક્રીમનો આનંદ લીધો. ત્યારબાદ જનોઈ કરેલા નાના ભુલકાઓનો બગીમાં વરઘોડો પણ ખૂબ જ આકર્ષક રહ્યો. નાના બાળકોના ચહેરા પર બગીમાં બેસવાની ખુશી જોઈને દિલ ખુશ થઈ ગયું — એ નિર્દોષ આનંદ ખરેખર ખાસ હતો.

- આ સમારંભ ની સફળતા માટે દાન આપનાર દાતાશ્રીનો આભાર . - ખુબ સુંદર સેવાઓ આપનાર જ્ઞાતિ બંધુઓનો તથા અજીતભાઈ પંડિત અને મહેશભાઈ પંડ્યા નો ખુબ ખુબ આભાર.... - અંત માં સર્વે નો આભાર અને છેલ્લે બસ એટલું જ કહીશ કે આપણા અનેક કાર્યકર્તા ઓ એ પણ ઘણો સહકાર આપી ખૂબ જ મહેનત કરીને આ કાર્યક્રમને અતિ સુંદર રીતે સફળ બનાવ્યો છે. આ તમામ માટે હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર

**વિભાકરભાઈ જી.વ્યાસ-પ્રમુખ  જીજ્ઞેશ બી.પંડિત-મહામંત્રી  ડૉ. પ્રશાંતભાઈ પી.જોષી-કન્વીનર**


શ્રીગૌડ સાડત્રીસ સમાજ
આપનું
હાર્દિક સ્વાગત કરે છે.



















## લેણાદેણી



કુમારભાઈને બે સંતાનો. મોટો કુશ ભણવામાં મધ્યમ પણ લાગણીશીલ. નાનો લવ બહુ હોંશિયાર. કુશે ભણીને ક્લાર્ક તરીકે જોબ શરૂ કરી. લવ MD ડોક્ટર બન્યો. કુમારભાઈ લવની સફળતાને લીધે અભિમાની થઈ ગયેલાં. પત્ની કાજલબેન, માની પરખ અજોડ હોય એટલે કુશને લીધે ઝઘડી પડે. કુશના લગ્ન ગામડાંની સુશીલ છોકરી શોભા સાથે ને લવના લગ્ન MD ડોકટર વિર્શ્વા સાથે થયા.

લગ્ન કરી કાજલબેનના વિરોધને અવગણી લવ - વિર્શ્વાએ અલગ ફ્લેટમાં રહેવાનું શરૂ કર્યુ.

એકવાર શોભા અને કુશ લગ્ન પ્રસંગે બહાર ગયેલાં. કુમારભાઈ અને કાજલબેન લવના ઘેર રહેવા આવ્યા. સવારે ચા નાસ્તો કરી કુમારભાઈએ ત્રણ વાર વિર્શ્વાને કપ ઉપાડવા કહ્યું. ત્રીજી વારે વિર્શ્વા બોલી "અમેરિકામાં બધા પોતાનું કામ જાતે કરે. ગુલામી ના કરાવે. "ચૂપચાપ કાજલબેન કપ સિન્કમાં મુકી આવ્યા. બે દિવસમાં આવા પાંચ-છ અપમાન સહન કર્યા પછી કુમારભાઈએ લવને વાત કરી. લવે વિર્શ્વાનો પક્ષ લીધો. કુમારભાઈ - કાજલબેન બધું સમજી પોતાનાં ઘરે આવી ગયા.

રાતે વધુ મનભાર થતાં, કુમારભાઈનો પગ ખેંચાયો. તરત જ ડો.શુકલના દવાખાને લઈ જવાયા. પેરાલિસિસનો એટેક હતો. કુશ અને શોભા આવી ગયા. લવ એકલો આવ્યો અને અનુભવી ડો.શુકલને સલાહો આપવા લાગ્યો. મોડી સાંજે વિર્શ્વા આવી. શોભા અને કુશ કુમારભાઈની હાલત જોઈ રોતાં હતાં. વિર્શ્વા આવી એવી સીધી શોભાને બોલવા લાગી, સલાહો આપવા લાગી. કાજલબેનથી રહેવાયું નહીં. હાથ પકડી વિર્શ્વાને બહાર લાવી બોલ્યા. "ભણતરની સાથે અભિમાન જ શીખી છે કે મા એ થોડાં સંસ્કાર આપ્યા છે ? અહીં તારી કોઈ જરૂરિયાત નથી." લવે આ સાંભળ્યું, બંને નીચું માથું રાખી હોસ્પિટલમાંથી જતાં રહ્યાં.

કુમારભાઈને હોસ્પિટલમાંથી રજા મળી, ઘેર લાવ્યાં. શોભા અને કુશે ખૂબ સેવા કરી. કસરતો, માલિશ, દવાઓ, ટોઈલેટ સાફ કરવા સુધી બધું લાગણીથી કરે. કુમારભાઈ ધીમે ધીમે સાજા થવા લાગ્યાં. બે વરસ પછી સારી રિકવરી આવી ગઈ. સ્પષ્ટ બોલી શકતાં નહોતાં. કુશને અને શોભાને જોવે એટલે એમને આંખમાં પાણી આવી જાય. મનમાં બોલે "કુશ, તું અને શોભા બંને ડોક્ટર હોત તો મારું શું થાત ?" ■

-રાજેશ પંડ્યા - ‘રાજ’

તંત્રીશ્રી અને સહમંત્રી

# માતા-પિતાને વંદન



પારુલબેન દવે

સૌથી પહેલાતો દુનિયામાં સૌથી પ્રેમાળ સંબંધ હોય તો તે છે માતા-પિતા કેમ કે માંનો પ્રેમ અતિશય લાગમીશીલ અને ભાવુક હોય છે જ્યારે પિતાનો પ્રેમ નિઃસ્વાર્થ અને કઠોર પણ હોય છે. માતાને દુઃખ પડે છે તો બે આંસુ કાઢીને રહી લે છે, જ્યારે પિતાને દુઃખ પડે તો તે કોઈને કહેતો નથી. તે મનમાં ને મનમાં રડી લે છે.

માતા-પિતા એ કહેવાય છે કે પોતાના દિકરા-દીકરીને સુખી જોવા માટે તે પોતે દુઃખી થાય છે અને તકલીફો ભોગવે છે અને પોતાના દીકરા-દીકરીને પાછળ કુરબાની આપી દે છે અને જ્યારે દીકરા-દીકરી ને નાનપણથી એવી શિક્ષા કે સંસ્કાર આપે છે જે ગમે તેવી મુશ્કેલીઓનો સામનો કરવાનો આવે તો તે તેનો સામનોકરી શકે છે અને આ માતાપિતાનો પ્રેમ મેળવવા માટે ભગવાન પણ આ દુનિયામાં આવ્યા હતા. પણ આપણને સહેલાઈથી પ્રેમ મળી ગયો છે તેથી આપણને કદર નથી. પણ દરેક જણને એટલું જ કહેવાનું છે કે આ દુનિયામાં કે આ સમયમાં જો કોઈ સાચો પ્રેમ લાગણી મમતા આપી શકતા હોય તો તે માતાપિતા છે. એ સમજી લેજો માટે તેમનું સન્માન કરતા શીખજો. તેમની ઉંમર પણ ઢળતી જાય છે પણ જ્યારે આપણને સાચું જ્ઞાન થાય છે ત્યારે તમારી પાસે ફક્ત તેમની મીઠી યાદો જ રહેશે, ત્યારે આપણે માતાપિતાને શોધવા જઈશું એટલે જે દુનિયામાં કહેવાય છે

"કે મા તે મા, બીજા બધા વગડાના વા"

"માતૃદેવો ભવ, પારકી મા જ કાન વીંધે"

આમેય દીકરી, પિતાને ખૂબ જ વહાલી હોય છે. દિકરી તો વ્હાલનો દરિયો કહેવાય. પિતા માટે તેમનો પ્રેમ બાળકો માટે નિઃસ્વાર્થ હોય છે એટલે જ માતાપિતા ભગવાનની જેમ પૂજાય છે.

# ઉપનિષદોના ૪ ચોંકાવનારા રહસ્યોઃ બ્રહ્માંડ તમારી વિચારસરણી કરતાં ઘણું વધારે નજીક છે.

## પરિચય

- કુસુમ નરેન્દ્ર ત્રિવેદી, લુણાવાડ (અમદાવાદ)

શું તમે ક્યારેય વિચાર્યું છે કે જીવનના સૌથી ઊંડા સત્યો અને પરમ જ્ઞાન ક્યાં છુપાયેલા છે? આપણે અવારનવાર તેમને જટિલ ગ્રંથોમાં વાંચીએ છીએ, ગુરુઓ પાસેથી સાંભળીએ છીએ, પરંતુ આ બધું 'પરોક્ષ જ્ઞાન' (indirect knowledge) બનીને રહી જાય છે—એવું જ્ઞાન જેને આપણે જાણીએ તો છીએ, પણ અનુભવતા નથી.

પરંતુ જો આપણે એમ કહીએ કે બ્રહ્માંડના સૌથી મોટા રહસ્યો ક્યાંય દૂર નથી, પરંતુ તમારા પોતાના અનુભવમાં જ રહેલા છે? ઉપનિષદો જેવા પ્રાચીન ગ્રંથો આવા જ જ્ઞાનનો ભંડાર છે, પરંતુ તેમની શિક્ષાઓ માત્ર વાંચવા માટે નથી, પરંતુ 'અપરોક્ષ અનુભવ' (direct experience) માં ઉતારવા માટે છે. તેઓ એક મૌલિક સત્યને ઉજાગર કરે છે: બ્રહ્માંડ (બ્રહ્માંડ) અને વ્યક્તિ (પિંડ) બે અલગ-અલગ વસ્તુઓ નથી, પરંતુ એક જ વાસ્તવિકતાના બે પાસાં છે.

ચાલો, આપણે સાથે મળીને એવા 4 ચોંકાવનારા રહસ્યો પરથી પડદો ઉઠાવીએ, જે દર્શાવશે કે કેવી રીતે તમે સૈદ્ધાંતિક જ્ઞાનને એક જીવંત, અનુભવી શકાય તેવા સત્યમાં બદલી શકો છો.

**પહેલું રહસ્યઃ તમે જેને શોધી રહ્યા છો, તે તમારી સામે જ છે**

આ રહસ્ય એટલા માટે ચોંકાવનારું છે કારણ કે આપણે પરમાત્માને કોઈ ચમત્કારિક, અદ્રશ્ય કે અલૌકિક શક્તિના રૂપમાં શોધતા રહીએ છીએ. પરંતુ ઉપનિષદોનું સૌથી ઊંડું રહસ્ય એ છે કે આ વિશાળ, દશ્યમાન બ્રહ્માંડ જ સ્વયં ઈશ્વરનું સ્વરૂપ છે. તેમને કોઈ ચમત્કારની જેમ પ્રકટ થવાની જરૂર નથી, કારણ કે તેઓ પહેલેથી જ પ્રકટ છે.

આનું સૌથી સુંદર ઉદાહરણ ભગવદ્ગીતામાં મળે છે, જ્યારે અર્જુન ભગવાન કૃષ્ણને તેમના અવિનાશી આત્મ-સ્વરૂપને બતાવવાની વિનંતી કરે છે. ત્યારે કૃષ્ણે કોઈ જાદુ ન કર્યો, પરંતુ અર્જુનને "દિવ્યચક્ષુ" પ્રદાન કર્યા. આ કોઈ જાદુઈ આંખ ન હતી, પરંતુ જ્ઞાનની એ દ્રષ્ટિ હતી જેનાથી અર્જુન એ જ શક્તિઓને ઓળખી શક્યા જે હંમેશાં તેમની સામે જ હતી. આ દિવ્ય દ્રષ્ટિથી અર્જુને જોયું કે આ બ્રહ્માંડ વાસ્તવમાં બ્રહ્માંડિય શક્તિઓનો એક સંગ્રહ છે: 12 આદિત્ય (સૂર્યના સ્વરૂપ), 8 વસુ (અગ્નિના પ્રકાર), 11 રુદ્ર (જીવન-શક્તિઓ), 2 અશ્વિની કુમાર અને 49 મરુદ્ગણ (વાયુના પ્રકાર).

'દિવ્ય દ્રષ્ટિ' નો અર્થ એ છે કે એ સમજી લેવું કે આપણે જે પ્રાકૃતિક શક્તિઓને રોજ જોઈએ છીએ, તે જ દેવ-સ્વરૂપ છે. સિદ્ધાંત સ્પષ્ટ છે: 'વિશ્વં વિષ્ણુ', એટલે કે આ સંપૂર્ણ બ્રહ્માંડ જ સાક્ષાત પરમાત્મા છે.

ન તુ માં શક્ષ્યસે દ્રષ્ટુમનેનૈવ સ્વચક્ષુષા | દિવ્યં દદામિ તે ચક્ષુઃ પશ્ય મે યોગમૈશ્વરમ્ ||

(ગીતા અ.11શ્લોક 8)




101 Emerald, Opp Hotel Crown, CG Road, Ahmedabad, Gujarat, India 380009.
www.tropicalsolar.in | Email: info@tropicalsolar.in | Contact: +91 9428510372

# EMERALD DEVELOPERS

## KAMLESH PATHAK

**Managing Director**

info@emeralddevelopers.in

105, 1st Floor, Emerald House,
Choice Restaurant Lane,
Nr. Swastik Cross Road, CG Road,
Navrangpura, Ahmedabad - 9, Gujarat, INDIA.

# જયા પાર્વતી વ્રત

જયા પાર્વતી વ્રત:શ્વાસ જેટલું શાંત, અવાજ જેટલું સાફ



ભવ્યા ડી. શુક્લ

સાવ ધીમી ભીની રાતે, દીવો ઝબકે શાંતિથી,
જયા-પાર્વતી વ્રત કરે સ્ત્રી, શ્રદ્ધા અને ભક્તિથી.

ઘરનાં ખૂણામાં શાંતે બેઠેલી, ચૂપચાપ વિશ્વાસ સાથે લાવે,
વ્રત છે એક શાંતીભર્યું સંકલ્પ જે થાકેલા અંતરને શાંત શ્વાસ આપતું લાગે.

એ પ્રાર્થના કરે એવી દુનિયા માટે, જ્યાં સમાનતાની ઓળખ મળે,
જ્યાં પ્રેમ પણ પૂરતો હોય, અને સ્ત્રીના અવાજને માન પણ મળે.

એ શબદો કહે નહિ, પણ સમય સાથે ઊભી રહે,
એના મૌનમાં પણ વાર્તા છે, શબ્દ વિના ભાષા છે.
પાર્વતી જેવી શાંતીથી એ જીવનની લડાઈ લડે,
જ્યાં ભક્તિની સાથે પોતાને ઓળખવાની આશા મળે.

# તુ મળી!!!!!

ખારા પાણીમાં મીઠું ઝરણું મળી ગયું
ડૂબતી નાવ ને જાણે તરણું મળી ગયું
ચારે તરફ હતો અંધકાર અમાસનો નભમાં
ક્યાંક દૂર બીજના ચાંદનું કિરણ મળી ગયું
પ્રેમ લાગણી હતા મૃગજળ સમા જીવનમાં
અચાનક ઉત્સાહ નુ એક ઘોડાપૂર ચઢી ગયુ
કરું હાથ જોડી આભાર ઈશ્વરનો હંમેશા
હવે જીવન જીવવાનું એક કારણ જડી ગયું




દક્ષેશ જોષી, વડોદરા

## વર્ષાગમન (વર્ષા પધરામણી)



માલાબેન પાઠક

આગમન થયું વર્ષારાણીનું
ધરતીમાતાનું અતિ પ્રસન્ન થવું
ધરતી પુત્રોનું હરખઘેલું થવું
વિરહણી નારીનું મન હરખાણું
ચારોતરફ હરિયાળીનું પાથરણું
બાળકોનું વરસાદમાં ભીંજાવું
હોડી બનાવી નીરમાં તરાવવું
તહેવારોની પધારમણીનું આવવું
ચારેકોર આનંદ ઉલ્લાસમાં ફેલાયું

## મેહુલિયો



માલિની જોષી પાઠક - વડોદરા

મેહુલિયો કરે છે અજબ માયા,
કે નિજને વધુ નજીક લાવે છે આ.
વરસે છે ધરા પર કંઈક એવા,
કે ના રહી શકે કોઈ પણ અહીં કોરા!
એકલતાને પણ એકલો નથી મૂકતો
અતીત,વર્તમાન સંગ ભાવિની ગોષ્ઠિ તરફ લઈ જાય તાણી.
ઘડીક ઉઘાડ કાઢીને વરસે ધોધમાર ફરી!
સાહજિક રીતે બતાવે છે જીવનની દોરવણી.
ખેડૂતે રગદોળ્યા માટીમાં કર ને કરી છે,
શુભ બીજ-રોપણીની તૈયારી.
ભૂલકાંઓને મન છબછબિયાં ને ભીંજાવાની ,છે તાલાવેલી
આલુ, જાંબુ, લીચી ને ચેરી ખાઇ, થઇ સૌની તંદુરસ્તી સારી.
મોર અને કોયલના ટહુકા સાથે,
કાળા ડિબાંગ વાદળોએ,પુરાવી સોનેરી હાજરી.
ભીંજાઈને વસુંધરા તો ધરાય, પણ..... આ મન?
મન ક્યાં કદી ભરાય!ખરું ને?

# એકલતા

રાત પડે ને મન ને  ફાળ પડે છે,
જાગરણ ની રાત વહે છે,
સપના ને પણ આરામ મળે છે,
સ્મરણો નો ટ્રાફીક જામ રહે છે,
પાંપણ ઉપર પહાડ પડે છે,
માંડ માંડ આંખ મીંચવા મળે છે,
ત્યાં સૂરજ ને પણ તાન ચડે છે,
આવી ટકોરા દરવાજે કરે છે,
આવી નીંદર માં ખલેલ કરે છે,
કેસ્ટો ની અદા માં ઉઠવું પડે છે,
કોફી પણ હાથ માં જામ લાગે છે,
એક ફરી ને સવાર **રંજન** શરૂ કરે છે..



**રંજનબેન પંડ્યા-જોષી, વડોદરા**
**ઉ.વ. ૮૫**

# લાલીમા

ઊકતા ભાસ્કરની લાલીમાએ
ભર્યું માંગ સિંદૂર
વેરાયેલા પ્રેમસિંદૂરે
ખીલ્યાં બાગમાં ફૂલ.
મન મારું તો મોહી લીધું
લાલીમાના રંગે
જીવન વીત્યું ખુશી ખુશીમાં
ધૂપછાંવની સંગે.
અસ્તાચળે આંખમાં આવી
જીવનભરની લાલી
ટપક્યાં આંસુ આંખોમાંથી
બની ગયાં ચિનગારી.



**અરુણા પંડ્યા ભટ્ટ, વડોદરા**

# લાક્ષા ગૃહ (સોનેટ)



ડૉ.બિરેન પાઠક, ઘોઘંબા
૦૪-૦૬-૨૦૨૬

હસ્તીના પુરમાં સત્તા ની લા યે લાક્ષાગૃહ રચાયું,
ને મહાકાવ્ય મહાભારત નો પાયો નંખાયો હતો.
એ જ નગર ,હવે દિલ્હીમાં હોટેલમાં અગ્નિકાંડ;
પુરાતન કાળને હાલમાં કોઈ ફરક પડ્યો છે?
સત્તા માટે સ્વજનોને હ ણવાનો અધર્મ હતો તે;
ને અત્યારે ધનની લાલચમાં ઘરાક ને મારવાનો;
ચેનલોએ કાગા રો ળ મચાવી, જવાબદાર કોણ?
છાપા તૂટી પડ્યા બેદરકાર વહીવટી તંત્ર પર;
રાજકોટ ગે મ ઝોન સુરત બ્યુટી શોપ ઉપહાર,
કેટ કેટલા પ્રસંગ ગણાવું; હમ નહીં સુધરેંગે,
મરનારને શ્રદ્ધાંજલિ ;તપાસ ચાલુ ;સખત સજા;
ને પછી બીજી મોટી દુર્ઘટનાને ધ્યાન હટ્યું;
રામ મંદિર તો બનાવ્યું ;રામ ક્યારે તો આવશે?
સંસ્કાર ,મૂલ્યો ,નીતિ ,સંસ્કૃતિ, કે લાક્ષાગૃહ રહેશે.

## પ્રકૃતિ

પર્વતની ગોદમાંથી નીકળ્યું એક તોફાની ઝરણું, કલકલ નાદે ગાતું, જાણે પ્રકૃતિનું મીઠું રણું.
ખડકોને ઠોકર મારી, આગળ વધતું જાય, અવરોધોની વચ્ચે પણ, પોતાનો માર્ગ બનાવે જાય.
ક્યારે ફીણના મોતી લઈને હસતું હસતું દોડે, ક્યારે ગર્જના કરી આકાશના હૈયાને પણ જોડે.
ના તેને થાકનો અહેસાસ, ના વિરામની કોઈ વાત, વહેવું જ તેનું જીવન, આગળ વધવું તેની જાત.
ઝાડવાં, વેલો, પંખીઓ તેની સંગાથે ગાય, તેના મધુરા સંગીતમાં આખી ધરતી ઝૂમી જાય.
મને શીખવે તોફાની ઝરણું જીવનનો એક મંત્ર, સંઘર્ષોથી ડરવું નહીં, રાખવો હિંમતનો તંત્ર.
પથ્થરો વચ્ચે રસ્તો કરી જે સાગરને મળે, એ જ જીવનની સફળતા, જે કદી ન હિંમત હારે.
વહેતા રહો ઝરણાં સમા, રાખો મનમાં ઉમંગ, તોફાનોને હરાવીને ગાવો જીવનનો રંગ.

પૂર્ણા જોષી, વડોદરા



# હું ભુલ્યો શાશ્વત સંસ્કૃતિને !

હું ભુલ્યો મારી મહાન શાશ્વત સંસ્કૃતિને,પશ્ચિમીના આંધળા અનુકરણમાં,

યોગી મટી ભોગી બની ગયો,મૂકી દીધા પાવન સંસ્કારો આ મહાન ધરાના,

શાંતિને મૈત્રી તણા પાઠ છોડીને,વેરભાવ દ્વેષભરી દુનિયામાં વિવેકને ભુલ્યો,

જ્ઞાન તણા ભંડારો છોડી દોડ્યો હું,પ્રપંચો ને કાવા-દાવાભર્યા વિશ્વની પાછળ,

મહાન ચેતનવંતી સંસ્કૃતિને ભૂલી,બન્યો હું વિદેશી વિઘાતક બળોનો હાથો,

અંતરમનને જરાક ઝંઝોળી પૂછી જો,શું હું કરૂં છું તે મારા દેશહિત કાજે છે ?

વર્ષોની ગુલામીમાં શી મનોદશા થઇ ! સારા નરસા નો વિવેક પણ ચુક્યો,

હજુ તેમાંથી નીકળી શકાતું નથી કેમ ? શું બહુ વાર થઇ કે પાછા ના વળાય,

સમય હવે બદલાય છે માનસિક ક્રાંતિનું બ્યુગલ ફુંકાયું છે,જાગ્રત બની જા,

જાતને સંભાળી લે આ ક્ષણથી,સંસ્કૃતિની રક્ષા કાજે ઉઠ ઉભો થા પ્રતિજ્ઞા કર,

માનવતાની જ્યોત થકી વિશ્વકલ્યાણનાં અજવાળા પાથરી,વિશ્વ શાંતિ ફેલાવી જો,

શાશ્વત સંસ્કૃતિને સર્વોચ્ચ શિખરે પહોંચાડવા,માતૃભૂમિનું ઋણ ચૂકવવા

સદૈવ તત્પર રહી, ખંડ - ખંડ નહિ પણ અખંડિત એક બની તો જો,

એ મહાન વિભૂતિ છે આપણા સૌના પથદર્શક,વિશ્વાસ તો મૂકી જો,

એની નિષ્વાર્થ વિકાસસાધના માં તું નાનેરો પ્રયાસ તો કરી જો,

કરેલી ભૂલોમાંથી શીખી લે, હજુ સમય છે,જાત ને ઉગારી તો લે,

વિશ્વ કલ્યાણ થકી માનવતા ને ઉગારી, શાશ્વત સંસ્કૃતિ ને પ્રજ્વલિત કરી લે.

- ભારતમાતાને સમર્પિતભાવથી વંદે માતરમ



દિલીપકુમાર વિષ્ણુપ્રસાદ પંડ્યા

## સર્વે શ્રીગૌડ શ્રીબંધુઓને અમિતભાઈ જોશીના
## જય મહાલક્ષ્મી.

૨૫ વર્ષ જૂના અને જાણીતા





# જોષી ચશ્માવાલા
# & કોન્ટેક લેન્સ કિલનીક

**નંબરના ચશ્મા, ગોગલ્સ અને**
**કોન્ટેકટ લેન્સ મેળવવાનું એકમાત્ર સ્થળ**

૧૪, શ્યામ ગોલ્ડ સિનેમા કોમ્પલેક્ષ,
બારેજા, તા. દસ્ક્રોઈ, જિ. અમદાવાદ.
મો. ૮૨૩૮૮૧૧૫૯૧






"૨૦૧૭ થી શિસ્ત, નિયમિતતા અને
ગુણવત્તાયુક્ત શ્રેષ્ઠ શિક્ષણ અને સર્વોત્તમ
પરિણામ આપતી સંસ્થા એટલે ઉડાન સ્કૂલ"

લોમેશ ઉપાધ્યાય - નૃપેશ ઉપાધ્યાય

# મનનો અરીસો
## (મન શુદ્ધિ)

મનના મંદિરને નિર્મળ રાખો, પ્રેમના દીપક રોજ પ્રગટાવો;
દ્વેષ, ઈર્ષ્યાના ઘેરા વાદળ, હૃદય આકાશેથી દૂર હટાવો.

મન છે જીવનનો સાચો અરીસો, જેમાં વ્યક્તિત્વનું પ્રતિબિંબ ઝળકે;
ધૂળ ભરાય જો ખોટા વિચારોની, તો સુખનું સૂરજ પણ ધૂંધળું ચમકે.

ક્રોધની આગને શાંત બનાવો, ક્ષમાના ઝરણાં વહેવા દો;
કડવાશના કાંટા છોડીને, સ્નેહના પુષ્પો ખીલવા દો.

લોભ અને અહંના અંધકારમાં, આત્માનો પ્રકાશ ખોવાઈ જાય;
વિનમ્રતાના એક દીવડાથી, અંતર આખું ઝગમગી જાય.

બીજાના સુખમાં સુખી થવું, એ મનની ઊંચી સાધના છે;
પરહિત માટે જીવતું હૃદય, માનવતાની સાચી આરાધના છે.

માતા-પિતાના પાવન આશીર્વાદ, જીવનપંથના દીપ સમાન;
તેમના ચરણોની રજમાં વસે, સુખ, શાંતિ અને સન્માન.

પ્રકૃતિ પણ સંદેશો આપે, વહેતાં ઝરણાં, વરસતાં મેઘ;
"નિર્મળ બની સતત વહેતા રહો," એમ કહે છે પવન અને વેગ.

કૃતજ્ઞતાનો કલરવ ગુંજે, જ્યાં સંતોષનું સરોવર હોય;
શુદ્ધ મનના પાવન આંગણે, પરમ આનંદનો ઉત્સવ હોય.

ચાલો આજે સંકલ્પ કરીએ, મનનો અરીસો સાફ બનાવીએ;
પ્રેમ, દયા અને સદ્ભાવનાથી, જીવનને સુંદર શણગારીએ.

મન શુદ્ધિ એ જ સાચું ઐશ્વર્ય, નહીં ધન, નહીં વૈભવની શાન;
નિર્મળ મનમાં જ વસતો હોય, ઈશ્વરનો પાવન નિવાસસ્થાન.



તન્વી શુક્લ

# અવધૂત

વૈરાગ્યના વસ્ત્ર ઓઢીને,
મૌનનું મણિહારમાં;
ચિત્ત જળ સમ શાંત તેમનું,
વહે નિર્વિકાર ધારમાં.

લોભ-મોહથી દૂર રહીને,
આત્મા સાથે એકાય;
અવધૂતની દિશા એ એવી
જ્યાં માત્ર પરમ તત્ત્વમાં દશ્યમાન.

ભૂમિ-આકાશ સમાન હૃદય
સત્વનું સ્ફૂરણ વારે વારે;
જેને દુનિયા સ્પર્શી ના શકે,
એવો દિવ્ય પુરુષ અવદૂત.

જય ગણેશ



દીપક શુકલ

# સંબંધ

હૃદયથી હૃદયને જોડતો સેતુ
એ જ તો સંબંધ,

શ્વાસો શ્વાસમાં વિશ્વાસ ભરેલો હોય
એનું નામ તો સંબંધ,

નજીક હોય કે યોજનો દૂર હોય
સતત યાદ આવે એ જ તો સંબંધ,

બોલ્યા વગર એકબીજાની લાગણી ને
સમજી શકે એનું નામ તો સંબંધ,

સાચા સંબંધોને રૂપિયે થી ન તોળાય,
એ તો અંતરના ઉંડાણે ઊર્મિઓ એ ઝીલાય.



**અમીતા પંડ્યા, ગાંધીનગર**



# ફોનમાં સાવચેતી, પરિવારમાં સુરક્ષા

## Cyber Fraud થી બચવા માટે પાંચ જરૂરી સમજદારી

આજના સમયમાં મોબાઇલ, WhatsApp, UPI અને Online Banking આપણું જીવન સરળ બનાવે છે. પરંતુ સાથે સાથે ઠગ લોકો પણ ફોન, મેસેજ અને લિંક દ્વારા નિર્દોષ લોકોને છેતરવાનો પ્રયત્ન કરે છે. ખાસ કરીને ૫૦ વર્ષથી વધુ વયના વડીલ ભાઈ-બહેનો થોડું ધ્યાન રાખે તો આવી Cyber Fraud થી સહેલાઈથી બચી શકે છે. ડરવાની જરૂર નથી, માત્ર ઉતાવળ ન કરવી, શાંતિથી વિચારવું અને ઘરના વિશ્વાસુ સભ્યની સલાહ લેવી.જણાવેલી પાંચ સમઝદારીનું પાલન કરીશું તો આપણે અવશ્ય cyber fraud થી બચી શકીશું.

### ૧. OTP, PIN, Password ક્યારેય કોઈને ન આપો

**ઉદાહરણ:** કોઈ ફોન કરીને કહે કે "હું બેંકમાંથી બોલું છું, તમારૂં Account બંધ થઈ જશે, OTP કહો."
**શું કરવું?** તરત ફોન કાપી દો. બેંકમાં જાતે જઈને અથવા બેંકના સાચા નંબર ઉપર જ પૂછપરછ કરો.
**શું ન કરવું?** OTP, ATM PIN, UPI PIN, Password અથવા Net Banking Detail ક્યારેય કોઈને ન કહો. બેંક ક્યારેય ફોન ઉપર આ માહિતી માંગતી નથી.

### ૨. પૈસા મળવાના હોય ત્યારે UPI PIN નાખવો ન પડે

**ઉદાહરણ:** કોઈ કહે કે "તમને પૈસા મોકલવા છે, આ QR Code Scan કરો અને PIN નાખો."
**શું કરવું?** યાદ રાખો કે પૈસા મેળવવા માટે PIN નાખવાની જરૂર પડતી નથી.
**શું ન કરવું?** અજાણ્યા વ્યક્તિનો QR Code Scan કરીને UPI PIN ન નાખો. QR Code Scan કરવાથી ઘણી વાર તમારા ખાતામાંથી પૈસા કપાઈ શકે છે.

### ૩. અજાણી Link અને WhatsApp Message ઉપર વિશ્વાસ ન કરો

**ઉદાહરણ:** WhatsApp ઉપર મેસેજ આવે કે "સરકાર તરફથી સહાય મળશે", "લોટરી લાગી છે", "મફત ઈનામ મેળવો" અથવા "KYC Update કરો". સાથે Link પણ હોય.
**શું કરવું?** આવી Link ખોલતાં પહેલાં દીકરા-દીકરી, ભાઈ, ભત્રીજા અથવા ઘરના જાણકાર વ્યક્તિને બતાવો.
**શું ન કરવું?** અજાણી Link ખોલીને Aadhaar, PAN, Bank Detail, Photo, OTP કે Password ન નાખો.

### ૪. Fake Police, Bank, Courier અથવા Digital Arrest થી ગભરાશો નહીં

**ઉદાહરણ:** કોઈ ફોન કરીને કહે કે "તમારા નામે ગેરકાયદેસર પાર્સલ મળ્યું છે", "Police Case થયો છે", "તમને Digital Arrest કરવામાં આવ્યા છે", "Case બંધ કરાવવા પૈસા મોકલો."
**શું કરવું?** શાંતિ રાખો.ફોન કાપો. પરિવારના સભ્યને કહો અને જરૂર પડતો નજીકના પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરો.
**શું ન કરવું?** ડરથી કોઈના કહ્યા મુજબ પૈસા ટ્રાન્સફર ન કરો. સાચી પોલીસ ફોન કે Video Call ઉપર પૈસા માંગતી નથી.

### ૫. રોકાણ, શેર, Crypto અથવા Double Money વચનોમાં ઉતાવળ ન કરો

**ઉદાહરણ:** WhatsApp Group માં કોઈ કહે કે "એક મહિને પૈસા ડબલ", "Guaranteed Profit", "Senior Citizen માટે ખાસ યોજના."
**શું કરવું?** પૈસા લગાવતાં પહેલાં પરિવારના વિશ્વાસુ સભ્ય, બેંક અધિકારી અથવા જાણકાર વ્યક્તિની સલાહ લો.
**શું ન કરવું?** અજાણ્યા App, Link અથવા વ્યક્તિના ખાતામાં પૈસા ન મોકલો. વધુ નફાની લાલચ ઘણી વાર ઠગાઈનું પ્રથમ પગલું હોય છે.

જો ભૂલથી Cyber Fraud થઈ જાય તો શરમાશો નહીં અને સમય બગાડશો નહીં. તરત **1930** Cyber Fraud Helpline ઉપર ફોન કરો અને **www.cybercrime.gov.in** ઉપર ફરિયાદ નોંધાવો. જેટલું વહેલું જણાવશો, એટલી મદદ મળવાની શક્યતા વધે છે.

**આપણા શ્રીગૌડ સમાજના દરેક ભાઈ-બહેન માટે વિનમ્ર સંદેશ: પૈસા, બેંક, પોલીસ, કુરિયર, ઈનામ, લોટરી, KYC અથવા રોકાણ સંબંધિત કોઈ પણ Call કે Message આવે તો તરત વિશ્વાસ ન કરવો. પહેલા પરિવાર સાથે ચર્ચા કરવી.**

**સ્મરણિયમંત્ર:**

**"ઉતાવળ નહીં, વિચાર પહેલા – સાવચેતી એ જ સુરક્ષા."**

---

લેખક: સમીર ભાનુપ્રસાદ પંડ્યા, સાવલી, જી. વડોદરા.

# SHIVAM PARTY PLOT







**Proprietor : BHAUMIK JOSHI**

## SHIVAM PARTY PLOT, GOTRI, VADODARA

ISO 9001 : 2015 CERTIFIED

## Shree Vidhyamandir Vidhyalaya

Std. 1 to 12 (Comm) (English, ગુજરાતી Medium)








**Trustee Names**

- Mr. Pradeep Joshi
- Mr. Bhaumik Joshi

## માર્ચ-એપ્રિલ -મે-જુન ના અન્નસહાય કીટ માં નવા સહયોગીઓ.

| ક્રમ | નામ | રકમ રૂ. |
|---|---|---|
| ૧. | અમેરિકા રહેતા શ્રીબંધુ દ્વારા ગુપ્તદાન | ૩૫૦૦૦=૦૦ |
| ૨. | પંકજભાઈ શુક્લ | ૫૦૦૦=૦૦ |
| ૩. | સોનાલીબેન શાહ | ૧૧૦૦૦=૦૦ |
| ૪. | મનહરભાઈ પુરુષોત્તમ જોષી | ૫૦૦૦=૦૦ |
| ૫. | ગુપ્તદાન | ૮૦૦૦=૦૦ |
| ૬. | ઉમેશભાઈ વાસુદેવભાઈ પંડ્યા | ૧૧૦૧=૦૦ |
| ૭. | ડૉ. સમીર જોષી | ૧૧૦૦=૦૦ |
| ૮. | દિવ્યાંગ જે. શુક્લા | ૩૦૦૦=૦૦ |
| ૯. | સુશીલાબેન જયકુમાર શુક્લા | ૧૦૦૦૦=૦૦ |
| ૧૦. | શ્રીલેખાબેન તરૂણભાઈ શુક્લા | ૫૦૦૦=૦૦ |
| ૧૧. | વિમલભાઈ આર. ત્રિવેદી | ૧૧૦૦૧=૦૦ |
| ૧૨. | પારૂલબહેન દવે | ૧૧૦૦=૦૦ |
| ૧૩. | યોગેશકુમાર જી. શુક્લા | ૧૫૦૦૦=૦૦ |
| ૧૪. | નગીનપ્રસાદ પંડ્યા | ૨૫૦૦=૦૦ |
| ૧૫. | પલ્લવીબેન શુક્લા | ૧૧૦૦=૦૦ |
| ૧૬. | ચંદ્રકાંત ડી. પાઠક | ૧૧૦૦=૦૦ |
| ૧૭. | જયંતભાઈ જોષી | ૨૫૦૦=૦૦ |
| ૧૮. | જીતુભાઈ ઉપાધ્યાય | ૨૦૦૦=૦૦ |
| ૧૯. | ગુપ્તદાન | ૨૫૬૦=૦૦ |
| ૨૦. | ચિરાગકુમાર શુક્લા | ૧૦૦૦=૦૦ |
| ૨૧. | પ્રતિક દેસાઈ | ૧૧૦૦૦=૦૦ |
| ૨૨. | વિજય ઈન્ડસ્ટ્રીઝ | ૧૧૦૦૦=૦૦ |
| ૨૩. | ગુપ્તદાન | ૨૫૦૧=૦૦ |

# શ્રદ્ધાંજલિ



જેનું જીવન જ અમારો પ્રેરણાસ્રોત હતું,
એવા અમારા માર્ગદર્શક

## સ્વ. જયશ્રીબેન તરૂણકુમાર શુક્લ

પંચતત્ત્વમાં વિલીન થયા છે.
ઈશ્વર તેમના આત્માને પરમ શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

લિ.
ગંગાસ્વરૂપ ઉર્મિલાબેન ભીખાલાલ શુક્લ
તરૂણકુમાર ભીખાલાલ શુક્લ, મો. ૯૮૭૯૦૪૭૩૬૭

હર્દિકકુમાર જી. મહેતા
રીચા હાર્દિક મહેતા

મિતેશ તરૂણકુમાર શુક્લ
પૂજા મિતેષ શુક્લ

કાવ્યા, વિઆન, સ્વરા, રાવ્યા

# અવસાન નોંધ
## મે, જૂન ૨૦૨૬

(૧) સ્વ. દિલીપ કુમાર જેઠાલાલ શુક્લ, દહેગામ
(૨) સ્વ. ઉષાબેન હરીશકુમાર પાઠક, વડોદરા
(૩) સ્વ. પ્રેરણાબેન પ્રદિપકુમાર પાઠક, ગોધરા
(૪) સ્વ. નિરુપમાબેન વિભાકરભાઈ વ્યાસ, કાવિઠા
(૫) સ્વ. મહેશભાઈ કે. વ્યાસ, મુંબઈ
(૬) સ્વ. અતુલભાઈ વિનયકાન્તભાઈ પુરોહિત, (ગોવિંદ મહારાજ) બાયડ
(૭) સ્વ. પ્રવિણભાઈ તુલસીરામ ઉપાધ્યાય, ગાંધીનગર
(૮) સ્વ. રશ્મિબેન મધુકરભાઈ ભટ્ટ, ખંભાત/ અમદાવાદ
(૯) સ્વ. ડૉ. જીતેન્દ્રભાઈ ભાનુપ્રસાદ શુક્લ, વિરપુર
(૧૦) સ્વ. હેમલતાબેન રમણલાલ ત્રિવેદી, વડોદરા
(૧૧) સ્વ. નિરંજનભાઈ પ્રવિણકાંતભાઈ પુરાણી, ગોધરા
(૧૨) સ્વ. શ્રીમતી પૂર્ણિમાબેન પ્રબોધકુમાર ભટ્ટજી, વડોદરા
(૧૩) સ્વ. કૈલાશબા છોટાલાલ પુરોહિત, લાલસર
(૧૪) સ્વ. અમિતભાઈ મહેશભાઈ શુક્લ, યુએસએ
(૧૫) સ્વ. પ્રેમલભાઈ દેવદત્તભાઈ  જોષી, કાલોલ


સૌરાષ્ટ્ર કચ્છ :-
(૧) સ્વ. વિરેન્દ્રકુમાર ઉદયશંકર ભટ્ટ, રાજકોટ
(૨) સ્વ. ઉષાબેન લલિતભાઈ જોષી, વાંકાનેર
(૩) સ્વ. ભરતભાઈ પ્રવીણચંદ્ર પંડ્યા, ઉના
(૪) સ્વ. હિતેશભાઈ પોપટલાલ  ભટ્ટ, કાલાવડ/ અમદાવાદ
(૫) સ્વ. અનસુખલાલ પોપટલાલ દવે, પ્લાસવા
(૬) સ્વ. અનિલભાઈ દુર્ગાશંકર જોષી, ગોંડલ
(૭) સ્વ. યજ્ઞેશ વૈકુંઠરાય ભટ્ટ, રાજકોટ
(૮) સ્વ. સૂર્યકાંતભાઈ હરજીવનભાઈ ભટ્ટ, જુનાગઢ
(૯) સ્વ. મંજુલાબેન કનકરાય જોશી, રાજકોટ

**સમસ્ત શ્રીગૌડ સમાજ, ગુજરાત**
**અવસાન પામેલ સ્વજનોને ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવે છે અને**
**પરમકૃપાળુ પરમાત્મા તેમને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના.**

# શ્રીગૌડ જાગૃતિના દ્વિમાસિક અંક માટે સ્પોન્સરશીપ તરીકે રૂ. ૧૦૦૦૦/- આપનાર દાતાઓ



રાજેશ પંડ્યા 'રાજ',
તંત્રી શ્રીગૌડ જાગૃતિ



ડો. બિરેનભાઈ પાઠક
ઘોઘંબા



રમેશચંદ્ર નરેન્દ્રકુમાર પાઠક
ઘાટલોડિયા, અમદાવાદ



ગુપ્ત દાતાશ્રી

**મિત્રો, સમાજના શ્રેષ્ઠી શ્રી બંધુઓ શ્રીગૌડ જાગૃત્તિ નિભાવ ખર્ચની સ્પોન્સરશીપ માટે આગળ આવે એવી એક ઉચ્ચ ભાવના.**

# "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ ગૃપ

"કોઈપણ ખર્ચ વગર સમસ્ત શ્રીગૌડ જીવનસાથી Free વોટસ એપ ગ્રૂપ માં જોડાવવા માટે આમંત્રણ" શ્રીગૌડ બ્રાહ્મણ દીકરા દીકરીઓ ના વિવાહ શ્રીગૌડ સમાજમાં થાય તે શુભ હેતુથી સમસ્ત શ્રીગૌડ સમાજ ના જુદા જુદા પક્ષના પ્રતિનિધિઓના સાથ અને સહકારથી "સમસ્ત શ્રીગૌડ જીવનસાથી" વોટ્સએપ બાયોડેટા ગ્રૂપ શરૂ કરવામાં આવેલ છે. નિઃશુલ્ક (FREE) સેવા આપવામાં આવી રહેલ છે.

બાયોડેટા, એડમીન દ્વારા જ વોલ ઉપર મૂકવામાં આવે છે ગ્રૂપમાં બાયોડેટા મૂકવા માટે મુખ્ય વ્યક્તિનો વોટ્સએપ નંબર અને બાયોડેટા એક ફોટા સાથે કોઈપણ એડમીનને મોકલી આપવાનો રહેશે.

બાયોડેટાની પીડીએફ ફાઈલનું નામ નીચે પ્રમાણે આપવાનું રહેશે.

➡ સૌપ્રથમ યુવક / યુવતી નું નામ, પછી જન્મનું વર્ષ અને છેલ્લે શહેર/ ગામનું નામ. દા.ત. bhavin.1996.ahmedabad kajal.2001.surat

સભ્યો દ્વારા ફરજિયાત બાયોડેટા મૂકવા માટે ગ્રૂપ દર મહિનાના ચોથા શનિવાર અને રવિવાર આ બે દિવસ ખુલ્લું મૂકવામાં આવે છે. દર મહિને બાયોડેટા પુનરાવર્તિત થાય છે. તમારા દીકરા કે દીકરી માટે યોગ્ય પાત્ર શોધતા હોવ તો નીચે આપેલ કોઈપણ એડમીનશ્રીનો સંપર્ક કરવો.

(૧) શ્રી હિતેશભાઈ ભટ્ટ (અમદાવાદ) - ૯૮૨૪૦૯૧૨૯૬

(૨) શ્રી જયંત જોષી (ગાંધીનગર) - ૯૬૦૧૯૯૫૫૬૭

(૩) શ્રી પ્રવિણભાઇ પુરોહિત (અમદાવાદ) - ૯૮૨૪૩૫૮૨૯૭

(૪) ડૉ. પ્રિતેશભાઈ શુક્લ (આણંદ) - ૯૪૨૮૪૯૧૨૨૧

(૫) શ્રી પ્રશાંતભાઈ પાઠક (વડોદરા) - ૮૩૨૦૬૨૭૨૮૦

(૬) શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત (વડોદરા) - ૯૪૨૭૭૮૬૨૬૪

(૭) શ્રી કિરણભાઈ શુક્લ (વડોદરા) - ૯૯૭૮૯૨૦૯૮૮

(૮) શ્રી ઉદયભાઈ શાસ્ત્રી (અમદાવાદ) - ૯૮૨૫૩૯૩૫૯૯

(૯) શ્રી આશિષભાઈ પાઠક (વડોદરા) - ૯૪૨૭૭૧૭૮૯૧

(૧૦) શ્રી સંજયભાઈ જાની (જામનગર) - ૯૯૨૪૪૭૨૭૦૯

(૧૧) શ્રી બંકિમભાઈ પુરાણી (વડોદરા) - ૯૯૯૮૦૦૮૩૬૬

(૧૨) શ્રી ધ્રુવભાઈ શુકલ (અમદાવાદ) - ૯૪૨૯૩૫૫૬૫૩

(૧૩) શ્રી જીજ્ઞેશભાઈ પંડિત - (અમદાવાદ)- ૯૦૯૯૦૨૯૦૭૯

(૧૪) સુશ્રી કૃપાબેન પાઠક (અમદાવાદ)- ૯૫૩૭૬૫૨૪૫૨

આ શુભકાર્યમાં સહભાગી થવા માટે આપના બધાજ શ્રીગૌડ સમાજના અને પારિવારિક ગૃપમાં તેમજ દરેક સગાં સંબંધીઓને આ મેસેજ ફોરવર્ડ કરશો. વિના સહકાર નહીં ઉધ્ધાર.

|| જય શ્રી મહાલક્ષ્મી માતા પ્રસંન્નોસ્તુઃ ||

# સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત, ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યોની યાદી

## પ્રમુખ શ્રી ધ્રુવભાઈ જે. જોષી, વડોદરા
## મંત્રી શ્રી યોગેશ કે શુક્લ ,અમદાવાદ
## ખજાનચી શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ

**તંત્રી, શ્રીગૌડ જાગૃતિ - શ્રી રાજેશ પંડ્યા ' રાજ' (અમદાવાદ)**

### ટ્રસ્ટી મંડળ

(૧) શ્રી ધ્રુવભાઈ જોશી, બરોડા
(૨) શ્રી જયંતભાઈ જોશી, ગાંધીનગર
(૩) શ્રી મિહિરભાઈ પંડ્યા, અમદાવાદ
(૪) શ્રી ધ્રુવભાઈ શુક્લ, અમદાવાદ
(૫) શ્રી દિગીશભાઈ દવે, અમદાવાદ
(૬) શ્રી ડૉ. મહેશભાઈ શુક્લ, લુણાવાડા
(૭) શ્રી જનકભાઈ પાઠક, લુણાવાડા
(૮) શ્રી નીરવભાઈ ઉપાધ્યાય, સેવાલિયા
(૯) શ્રી સ્મિતલભાઈ પંડિત, અમદાવાદ
(૧૦) શ્રી વિનીતભાઈ દવે, અમદાવાદ
(૧૧) શ્રી લોમેશભાઈ ઉપાધ્યાય, કોઠંબા
(૧૨) શ્રી અમિતભાઈ જોશી, અમદાવાદ
(૧૩) શ્રી વિજયભાઈ ઉપાધ્યાય, અમદાવાદ
(૧૪) શ્રી રાજેશભાઈ કે. પંડ્યા, અમદાવાદ
(૧૫) શ્રી યોગેશ શુક્લ, અમદાવાદ

### કારોબારી સમિતિ - ઝોન પ્રમાણે સભ્યો

**૧. અમદાવાદ/ ગાંધીનગર, ઉ.ગુ. :-**

(૧) શ્રી વર્ષિલભાઈ જનકભાઈ શુક્લ, ગાંધીનગર, ૭૭૭૮૦૮૨૨૨૧
(૨) શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૮૨૪૪૯૩૦૦૯
(૩) શ્રી પ્રવિણભાઈ વાસુદેવ પુરોહિત, અમદાવાદ, મો. ૯૮૨૪૩૫૮૨૯૭
(૪) શ્રી દિગંત જોષી, અમદાવાદ, મો. ૯૮૯૮૪૨૨૭૮૧
(૫) શ્રી હાર્દિક અનિલભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૬૬૨૫૦૯૮૭૫
(૬) શ્રી જયંતભાઈ પદમાશંકર શુક્લ, અમદાવાદ, મો. ૯૯૨૫૯૭૦૩૯૯
(૭) શ્રી જયેશભાઈ દેવપ્રસાદ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૯૦૯૯૨૫૫૧૪
(૮) શ્રી મુકેશભાઈ નટવરલાલ પુરોહિત, અમદાવાદ, મો. ૭૪૩૩૦૧૯૭૧૮
(૯) શ્રી સંદિપભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૯૭૨૩૨૩૫૮૭૮
(૧૦) શ્રી પંકજભાઈ માણેકલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૦૮૧૪૪
(૧૧) શ્રી મયંકભાઈ જયંતીલાલ શુક્લ, અમદાવાદ, મો. ૯૮૨૫૦૭૪૭૪૬
(૧૨) શ્રી જિજ્ઞેશભાઈ ભાલચંદ્ર પંડિત, અમદાવાદ, મો. ૯૦૯૯૦૨૯૦૭૯
(૧૩) શ્રી રાજેશભાઈ સુરેશભાઈ પંડ્યા, અમદાવાદ, મો. ૯૯૯૮૭૧૬૫૭૭
(૧૪) શ્રી પ્રશાંતભાઈ પ્રદ્યુમનભાઈ જોષી, અમદાવાદ, મો. ૯૮૨૫૫૫૨૯૨૭
(૧૫) શ્રી ઉદયભાઈ મધુકુમાર શાસ્ત્રી, અમદાવાદ, મો. ૯૮૨૫૩૯૩૫૯
(૧૬) શ્રી હેતલભાઈ રમેશચંદ્ર શુક્લ, અમદાવાદ, મો. ૯૭૨૬૨૫૮૩૫૩
(૧૭) શ્રી કિરણભાઈ ભટ્ટ, અમદાવાદ, મો. ૯૭૨૪૩ ૨૦૭૪૪
(૧૮) શ્રી રાજેન્દ્રભાઈ ગૌરીશંકર પંડ્યા, અમદાવાદ, મો. ૯૪૨૮૮૧૩૯૩૯

**૨. ખેડા / આણંદ (નડિયાદ, ડાકોર, આણંદ, ખંભાત) :-**

(૧) શ્રી ભાવિનભાઈ હરિહરભાઈ ભટ્ટ, ખંભાત, મો. ૯૮૨૫૪૩૯૭૦૭
(૨) શ્રી માર્તડભાઈ શૈલેષભાઈ પાઠક, ખંભાત, મો. ૯૮૨૫૭૩૭૧૪૦
(૩) શ્રી ભરતભાઈ દવે, આણંદ, મો. ૯૭૨૬૧૫૭૮૮૨
(૪) શ્રી પંકજભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૬૩૭૦૬૩૭
(૫) શ્રી હેમંતભાઈ પુરોહિત, આણંદ, મો. ૯૪૨૯૬૬૪૨૬૨

**૩. વડોદરા અને છો.ઉ. જિલ્લો (વડોદરા, સાવલી) :-**

(૧) શ્રી ઉમેશ ચીમનલાલ પંડ્યા,વડોદરા, મો. ૯૪૨૭૩૪૬૬૯૯
(૨) શ્રી આશિષભાઈ દિનેશભાઈ પાઠક, વડોદરા, મો. ૯૪૨૭૭૧૭૮૯૧
(૩) શ્રી મહેન્દ્રભાઈ જયંતીલાલ પુરોહિત, વડોદરા, મો. ૯૪૨૭૭૮૬૨૬૪
(૪) શ્રી વિમલભાઈ રમણલાલ ત્રિવેદી, વડોદરા, મો. ૯૧૭૩૭૧૨૩૯૧
(૫) શ્રી ભાર્ગવ બિપીનચંદ્ર વૈદ્ય, વડોદરા, મો. ૯૯૨૫૦૩૬૩૧૯
(૬) શ્રી સાગરભાઈ નગીનપ્રસાદ પંડ્યા, વડોદરા, મો. ૯૮૨૫૦૭૫૦૩૪
(૭) શ્રી જયેન્દ્રભાઈ પ્રદ્યુમનભાઈ દવે, વડોદરા, મો. ૯૪૨૯૪૨૬૨૨૩
(૮) શ્રી નિશાંતભાઈ રમેશભાઈ પુરોહીત, મો. ૯૮૭૯૫૨૮૫૧૦
(૯) શ્રી સૌમિલભાઈ હરેન્દ્રભાઈ શુક્લ, વડોદરા, મો. ૯૭૧૨૪૭૮૮૭૯
(૧૦) શ્રી ભગવતભાઈ બાલકૃષ્ણ પાઠક, વડોદરા, મો. ૯૯૦૯૦૦૮૨૧૧

**૪. દક્ષિણ ગુજરાત (ભરુચ, સુરત, વલસાડ, નવસારી) :-**

(૧) શ્રી સુનિલકુમાર રમેશચંદ્ર ઉપાધ્યાય, ભરૂચ, મો. ૯૩૭૭૪૩૪૧૬૧
(૨) શ્રી પ્રિતેશભાઈ રોહિતભાઈ શુક્લ, નવસારી, મો. ૯૪૨૭૧૫૩૦૭૧
(૩) શ્રી તેજસભાઈ નિરંજનભાઈ શુક્લ, સુરત, મો. ૯૯૯૮૨૨૧૨૫૦
(૪) શ્રી હરદીપભાઈ મુકુંદરાય પાઠક, સુરત, મો. ૯૮૨૪૩૯૧૪૭૫

**૫. મહિસાગર, પંચમહાલ, દાહોદ, અરવલ્લી**
**(દાહોદ,ગોધરા, કાલોલ, શહેરા, લુણાવાડા, વીરપુર, કોઠંબા) :-**

(૧) શ્રી અંકુર હરીશભાઈ ઉપાધ્યાય, કાલોલ મો. ૯૮૨૫૫૨૪૫૪૫
(૨) શ્રી પ્રજ્ઞેશ રજનીકાંત જોષી, કાલોલ મો. ૯૯૭૮૭૮૭૮૫૮
(૩) શ્રી જીજ્ઞેશ અશોકભાઈ પાઠક, શહેરા/ગોધરા, મો. ૯૮૨૫૮૬૬૩૭૯
(૪) શ્રી ભૃગુભાઈ શીવશંકર પાઠક, શહેરા,
(૫) શ્રી નિતીનકુમાર રમણલાલ દવે, દાહોદ, મો.૯૨૨૮૩૨૯૯૧૧

**૬. મહિલા સભ્યો :-**

(૧) શ્રીમતી સ્મિતાબેન વિનાયકભાઈ શુક્લ, ગોધરા, મો.
(૨) શ્રીમતી પલ્લવીબેન કૌટિલ્ય શુક્લ, વડોદરા, મો. ૯૪૨૯૯૨૮૧૦૦
(૩) શ્રીમતી પારૂલબેન વિનયકાન્ત દવે, અમદાવાદ, મો. ૯૭૨૭૯૫૩૭૧૪
(૪) શ્રીમતી કૃપાબેન કૌશિકભાઈ પાઠક, અમદાવાદ, ૯૫૩૭૬૫૨૪૫૨
(૫) સુશ્રી કાશ્મિરાબેન મૌલેશભાઈ પાઠક, ગોધરા, મો. ૯૮૨૫૦૩૬૮૦૦
(૬) શ્રીમતી સોનિયાબેન કલ્પેશભાઈ પાઠક, ગાંધીનગર, મો. ૮૩૨૦૪૮૩૯૭૭

**૨. સલાહકાર સમિતિ :-**

(૧) શ્રી કમલેશભાઈ શીવશંકર પાઠક, અમદાવાદ, મો. ૯૪૨૬૫૧૧૪૭૨
(૨) શ્રી કુમુદભાઈ અંબાલાલ દવે, અમદાવાદ, મો. ૯૮૨૫૫૧૦૭૯૨
(૩) શ્રી અનંતભાઈ રણછોડભાઈ શુક્લ, અમદાવાદ, મો. ૯૪૨૭૫૨૩૬૯૧
(૪) શ્રી રઘુભાઈ હરીહરભાઈ જોષી, વલ્લભ વિદ્યાનગર/ આણંદ, મો. ૯૪૨૬૫૪૩૮૦૭
(૫) શ્રી હરેશભાઈ નટવરલાલ પંડ્યા, નડિયાદ, મો. ૯૪૨૯૩૨૬૭૩૭
(૬) શ્રી હરીશભાઈ સોમેશ્વર ઉપાધ્યાય, કાલોલ, મો. ૯૯૭૯૨૦૯૮૫૮

# માહિતી સમાચાર શ્રીગૌડ જાગૃતિ સુધી પહોંચાડવાનું ગુગલ ફોર્મ

શ્રીગૌડ જાગૃતિ મા આપ જે માહિતી અથવા સાહિત્ય પ્રકાશિત કરવા માંગતા હોવ તે સંપાદક ને પહોંચાડવા માટે આ QR Code સ્કેન કરી ને જે ગૂગલ ફોર્મ ખુલે તે ભરીને સબમિટ કરશો.

આ ગૂગલ ફોર્મ શ્રીગૌડ જાગૃતિ ના આગામી પ્રકાશિત થનારા અંક માં આપ કોઈપણ સમાચાર (લગ્ન, યજ્ઞોપવિત સંસ્કાર, ચૌલ સંસ્કાર, શ્રદ્ધાંજલિ સમાચાર, બઢતી અથવા સિદ્ધિ ના સમાચાર, વિશેષ ક્ષેત્ર માં મેળવેલ સિદ્ધિ , સન્માન, બહુમાન, ને લગતી માહિતી સમાજ ના મુખપત્ર માં પ્રકાશિત કરવા ઈચ્છતા હોવ તો આ ગૂગલે ફોર્મ ના માધ્યમ થી શ્રીગૌડ જાગૃતિ ના સંપાદક મંડળ ને મોકલી આપવા વિનંતી. આ ઉપરાંત આપ ની કોઈ સાહિત્યિક રચના / લેખ, કવિતા સામાજિક સંદેશ પ્રકાશિત કરવા માંગતા હોવ તો તે પણ આ ગૂગલ ફોર્મ સાથે મોકલી આપવા વિનંતી. પ્રસંગ ને અનુરૂપ ફોટોગ્રાફ અથવા કોઈ ડોક્યુમેન્ટ મોકલવા માંગતા હોવ તો તે પણ અટેચ કરી મોકલી શકો છો.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં સંપાદક મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રી મંડળ નો રહેશે.

જો કોઈ ડોક્યુમેન્ટ અથવા ફોટોગ્રાફ અથવા pdf સાથે વિગત આપવાની હોય તો ફાઈલ / ફોટોગ્રાફ અહીંયા અટેચ કરો (5 ફાઈલ અને 10 MB ટોટલ સાઈઝ - word, excel, drawing કે pdf અપલોડ કરી શકાશે.)

આપણા સમાજના ઉત્કર્ષ માટે અને સમાજના સભ્યો એકબીજા ની નજીક આવે અને સંગઠન ની ભવન વધુ મજબૂત બને તેવા ભાવ ને ગુણિત કરવામાં આપનું આ પ્રતિભાવ / યોગદાન અમૂલ્ય છે. સમાજ ના વિકાસ માટે આપ તત્પર રહો અને સમાજ ના પડખે ઉભા રહો તેવી શુભકામના સાથે આપનો ખુબ આભાર.

મળેલ સમાચાર અને લેખન ને મુખપત્ર માં સમાવવાની પૂરી કોશિષ કરવામાં આવશે આમ છતાં તંત્રી મંડળ ને મળેલ માહિતી ને પ્રકાશિત કરવા અંગેનો આખરી નિર્ણય તંત્રીશ્રીનો રહેશે.

સમસ્ત શ્રીગૌડ સમાજ - ગુજરાત

| | | | | |
|---|---|---|---|---|
| **ધ્રુવ જોશી** | **યોગેશ શુક્લ** | **જયંત જોષી** | **રાજેશ પંડ્યા'રાજ'** | **દિગિશ દવે** |
| **પ્રમુખ** | **મંત્રી** | **ઉપપ્રમુખ** | **તંત્રી અને સહમંત્રી** | **સહમંત્રી** |

**ઑફિસ : સમસ્ત શ્રીગૌડ સમાજ-ગુજરાત**
**સી-૨૧૨, દેવ ઓરમ, આનંદનગર ચાર રસ્તા, પ્રહલાદનગર રોડ, અમદાવાદ.**